**સુવિચાર**
આંસુ પાડશો તો દયા મળશે પણ જો પરસેવો પાડશો તો પરિણામ મળશે.
:: સૌજન્ય ::
**નિલકંઠ જ્વેલર્સ**
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૩/૦૫/૨૦૨૫, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

amreli express

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

SINCE 1999
હરિૐ
PENDAWALA
નેચરલ સંતરામાંથી બનાવેલ
**સંતરા શિખંડ**
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ વૈશાખ સુદ-૬ વર્ષ : ૧૬ અંક : ૧૨૧

## નબળી નેતાગીરીનાં અભાવે શહેરની સમસ્યામાં સતત વધારો

# શું કરીશું ? : અમરેલીમાં ઠેકઠેકાણે ગંદકીનાં ગંજ ખડકાયા

**પાલિકાની સફાઈ એજન્સીને ૪ મહિનાનું સવા કરોડનું બાકી બિલ ન ચુકવાતા સફાઈ કામગીરી ઠપ્પ**

**રખડતા ઢોર, બંધ સ્ટ્રીટલાઈટ, બિસ્માર માર્ગો, અનિયમિત પાણી વચ્ચે હવે ગંદકીની સમસ્યા**

**શહેરનાં મોટાગજાનાં નેતાઓ શહેરીજનોને પ્રાથમિક સુવિધા પણ નિરંતર અપાવી શકતા નથી**

**શહેરીજનો એવું ઈચ્છે કે વર્તમાન જનપ્રતિનિધિઓએ ડો. જીવરાજ મહેતામાંથી પ્રેરણા લેવી જોઈએ**







અમરેલી, તા. ૨

અમરેલી પાલિકામાં વિશ્વની સૌથી મોટી પાર્ટી ભાજપનું શાસન ચાલી રહ્યું છે અને ખોબા જેવડા અમરેલી શહેરની પ્રાથમિક સુવિધા વધારવામાં ભાજપની મહાનતા કયાંય કામે આવતી નથી. શહેરમાં બંધ સ્ટ્રીટલાઈટ, આડેધડ દબાણ, બિસ્માર માર્ગો, અનિયમિત પાણી વિતરણ જેવી સમસ્યા વચ્ચે અધુરામાં પુરૂ હવે, ઠેકઠેકાણે ગંદકીનાં ગંજ ખડકાયા છે.

અમરેલી શહેરમાંથી ગંદકી દૂર કરવા માટે ખાનગી એજન્સીને જવાબદારી સોંપી છે અને દર મહિને અંદાજિત ૩૨ થી ૩૫ લાખનું ચુકવણું થતું હોય છે. પરંતુ જાન્યુઆરીથી એપ્રિલ સુધી ૪ મહિનાનું અંદાજિત સવા કરોડ રૂપિયાનું બિલ બાકી હોય પાલિકા દ્વારા બિલ ચુકવવામાં ઠાગાઠૈયા થતાં પાલિકાની સફાઈ એજન્સી સફાઈ કર્મીઓ, વાહનોના ચાલકો અને ઈંધણનો ખર્ચ કરી શકતી ન હોવાથી આજથી અચાનક સફાઈ કાર્ય બંધ કરી દેવાતાં શહેરમાં પ્રથમ દિવસે જ ગંદકીનાં ગંજ ખડકાવા લાગ્યા છે અને જો આ હડતાલ એકાદ અઠવાડીયા સુધી ચાલે તો શહેરમાં ઠેકઠેકાણે ગંદકીના પહાડ ઉભા થઈ જશે. સાથે, રોગચાળાનો પણ ગંભીર ખતરો ઉભો થઈ જશે.

અમરેલીમાં નબળી નેતાગીરીનાં અભાવે શહેરીજનોને અનેક પ્રકારની પ્રાથમિક સુવિધાઓ મેળવી શકતા નથી અને રાજયને પ્રથમ મુખ્યમંત્રી ડો. જીવરાજ મહેતાનાં સ્વરૂપ ભેટ આપનાર અમરેલી દાયકાઓથી ડો. જીવરાજ મહેતા જેવા દીર્ઘદ્રષ્ટા રાજકીય પ્રતિનિધિની રાહ જોઈ રહી છે.

NAGARPALIKA AMRELI
ORCHESTRA MUSICAL Mellows

## જાહેર આમંત્રણ

**અમરેલી નગરપાલિકા - અમરેલી દ્વારા**
**શ્રી દિલીપ સંઘાણી સાંસ્કૃતિક હોલનાં નવિનીકરણનાં શુભારંભ**

અમરેલી નગરપાલિકાના શ્રી દિલીપ સંઘાણી સાંસ્કૃતિક હોલનાં નવિનીકરણનાં શુભારંભ પ્રસંગે અમરેલી નગરપાલિકા દ્વારા સુપ્રસિધ્ધ ઓરકેસ્ટ્રા તેવા
**મ્યુઝીકલ મિલોઝ બેન્ડનું મ્યુઝીકલ નાઈટનું**
આયોજન કરવામાં આવેલ છે. આ પ્રસંગે ઉપસ્થિત રહેવા નગરજનોને હાર્દિક નિમંત્રણ છે.

-:: કાર્યક્રમનાં અધ્યક્ષ ::-
શ્રી દિલીપભાઈ સંઘાણી
માન. ચેરમેનશ્રી
ઈફકો, એનસીયુઆઈ અને ગુજકોમાસોલ

-:: મુખ્ય મહેમાન ::-

| | | |
|---|---|---|
| શ્રી ભરતભાઈ સુતરીયા<br>માન. સંસદસભ્યશ્રી (લોકસભા)<br>અમરેલી | શ્રી કૌશિકભાઈ વેકરીયા<br>માન. નાયબ દંડકશ્રી<br>(ગુજરાત સરકાર) | શ્રી અતુલભાઈ કાનાણી<br>માન. પ્રમુખશ્રી<br>(જીલ્લા ભાજપ-અમરેલી) |

-:: વિશેષ ઉપસ્થિતી ::-

| | | |
|---|---|---|
| શ્રી નારણભાઈ કાછડીયા<br>માન. પુર્વ સંસદસભ્યશ્રી (લોકસભા)<br>અમરેલી | શ્રી કિશોરભાઈ દવે<br>માન. પુર્વ જીલ્લા ભાજપ પ્રમુખશ્રી<br>અમરેલી | શ્રી દિનેશભાઈ પોપટ<br>માન. પુર્વ જીલ્લા ભાજપ પ્રમુખશ્રી<br>અમરેલી |
| ડો.ભરતભાઈ કાનાબાર<br>માન. પુર્વ જીલ્લા ભાજપ પ્રમુખશ્રી<br>પ્રમુખશ્રી : લોહાણા મહાજન - અમરેલી | શ્રી શરદભાઈ લાખાણી<br>માન. પુર્વ જીલ્લા ભાજપ પ્રમુખશ્રી<br>અમરેલી | શ્રી હિરેનભાઈ હિરપરા<br>માન. પુર્વ જીલ્લા ભાજપ પ્રમુખશ્રી<br>અમરેલી |
| શ્રી રાજેશભાઈ કાબરીયા<br>માન. પુર્વ જીલ્લા ભાજપ પ્રમુખશ્રી<br>અમરેલી | શ્રી અશ્વિનભાઈ સાવલીયા<br>માન. ચેરમેનશ્રી, અમર ડેરી<br>અમરેલી | શ્રી પી.પી.સોજીત્રા<br>માન. પુર્વ ચેરમેનશ્રી<br>અમરેલી માર્કેટિંગ યાર્ડ -અમરેલી |

-:: કાર્યક્રમની તારીખ / સમય ::-
તા.૦૩/૦૫/૨૦૨૫ ને શનિવારનાં રોજ રાત્રિનાં ૦૮:૩૦ કલાકે

-:: કાર્યક્રમનું સ્થળ ::-
શ્રી દિલીપ સંઘાણી સાંસ્કૃતિ હોલ,અમરેલી.

-:: નિમંત્રક ::-

| | |
|---|---|
| (બિપીનભાઈ એસ.લીબાણી)<br>પ્રમુખ : અમરેલી નગરપાલિકા | (બિનાબેન વી.કાલેણા)<br>ઉપપ્રમુખ : અમરેલી નગરપાલિકા |
| (મનિષભાઈ એચ. ધરજીયા)<br>કારોબારી ચેરમેન : અમરેલી નગરપાલિકા | (પ્રતિક કુંભાણી)<br>ચીફ ઓફિસર : અમરેલી નગરપાલિકા |

**અમરેલીના નગરપાલિકાનાં તમામ સદસ્યશ્રીઓ તથા કર્મચારીગણ**
**અમરેલી નગરપાલિકા અમરેલી**

સેવા...... સંગઠન.... શકિત.....

## હાર્દિક અભિનંદન



| | | | |
|---|---|---|---|
| ડો.ભરતભાઈ કાનાબાર સાહેબ<br>પ્રમુખશ્રી : અમરેલી લોહાણા સમાજ | શ્રી ચતુરભાઈ એન. અકબરી<br>પ્રમુખશ્રી : અનાજ-કરીયાણા રીટેઈલ મર્ચન્ટ એસો.અમરેલી | શ્રી ડી.કે. રૈયાણી<br>પ્રમુખશ્રી : લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ-અમરેલી | શ્રી યોગેશભાઈ એસ. ગણાત્રા<br>મહામંત્રીશ્રી : અમરેલી શહેર ભાજપ |

અમરેલીનાં સિનિયર ભાજપ અગ્રણી અને પુર્વ જિલ્લા ભાજપ પ્રમુખ લોહાણા સમાજનાં પીઢ આગેવાન ડો.ભરતભાઈ કાનાબાર સાહેબ ની અમરેલી લોહાણા સમાજ પ્રમુખ તરીકે બિનહરીફ વરણી થવા બદલ તેમજ સતત ૨૧ વર્ષથી અનાજ કરીયાણા રીટેઈલ મર્ચન્ટ એસોસીએશનના પ્રમુખ તરીકે સેવા આપી રહયા છે. એવા શ્રી ચતુરભાઈ એન. અકબરી ની નવી ટર્મમાં પણ પ્રમુખ તરીકે બિનહરીફ વરણી થવા બદલ તેમજ અમરેલી લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટનાં પ્રમુખ તરીકે લેઉવા પટેલ સમાજનાં સેવાભાવી અગ્રણી શ્રી ડી.કે. રૈયાણી ની સર્વાનુમતે વરણી થવા બદલ તેમજ કોઈપણ જાતની અપેક્ષા વગર નિડર અને બિનવિવાદાસ્પદ શહેર ભાજપની સેવામાં તત્પર રહયા છે અને અગાઉ પણ શહેર ભાજપમાં ઉપપ્રમુખ તેમજ યુવા ભાજપમાં પ્રમુખ તરીકે સેવા આપી ચુકયા છે તેવા શ્રી યોગેશભાઈ એસ.ગણાત્રા ની અમરેલી શહેર ભાજપનાં મહામંત્રી તરીકે નિમણુંક થતા આપ ચારેય મહાનુભાવો પોત પોતાના ક્ષેત્રમાં રચનાત્મક અને સામાજીક કાર્યો થકી ઉતરોતર સેવા કરતા રહો અને પ્રગીત કરતા રહો તેવી અમારી અંતઃકરણ પુર્વકની શુભેચ્છાઓ સહ હાર્દિક અભિનંદન..

:: શુભેચ્છકશ્રીઓ ::

| | | |
|---|---|---|
| શ્રી હરેશભાઈ સાદરાણી | શ્રી બાબુભાઈ કાબરીયા | શ્રી નિરવભાઈ વડેરા |
| શ્રી હકુભાઈ ચૌહાણ | શ્રી પરેશભાઈ દાવડા (નિલમ ચા) | શ્રી કેતનભાઈ મુળીયા |
| શ્રી દિનેશભાઈ ભુવા | શ્રી હરેશભાઈ કાથરોટીયા (તુલસી ચા) | શ્રી અનિલભાઈ કાણકીયા |
| શ્રી સંજયભાઈ રામાણી | શ્રી જીતુભાઈ બોરસાણીયા (અપની બેસન) | શ્રી આશિષભાઈ ગણાત્રા |
| શ્રી યોગેશભાઈ કોટેચા | શ્રી જીતુભાઈ ગોળવાળા | શ્રી પરેશભાઈ પારેખ |
| શ્રી સતિષભાઈ આડતીયા | ડો. ગજેરા સાહેબ | શ્રી લાલભાઈ વણજારા |
| શ્રી મુકુંદભાઈ ગઢીયા | શ્રી જીલુભાઈ વાળા | શ્રી ભુપતભાઈ મેતલીયા |
| શ્રી હરેશભાઈ ટાંક | શ્રી ગીરીશભાઈ ભટ્ટ | શ્રી રણજીતભાઈ કેર |
| શ્રી લાલભાઈ ગઢીયા | શ્રી મજબુતસિંહ બસીયા | શ્રી ઘનશ્યામભાઈ રૈયાણી |
| શ્રી હરેશભાઈ સંઘવી | ડો. દેસાણી સાહેબ | શ્રી સુરેશભાઈ (સુર ચા) |
| શ્રી કાળુભાઈ રૈયાણી | શ્રી જગદીશભાઈ સેલાણી | શ્રી કાંતિભાઈ વઘાસીયા |
| શ્રી નિતીનભાઈ રાજપરા | શ્રી કાળુભાઈ ભંડેરી | શ્રી રાજુભાઈ ખેરાણી (મિલન ટ્રાન્સપોર્ટ) |
| શ્રી મનિષભાઈ મોરજરીયા | શ્રી વિક્રમભાઈ રબારી | શ્રી ભાવેશભાઈ આડતીયા |
| શ્રી જગતભાઈ કોટેચા | શ્રી બાલાભાઈ વઘાસીયા | શ્રી હરેશભાઈ ટાંક |
| શ્રી મહેશભાઈ નગદીયા | શ્રી અશોકભાઈ અટારા | શ્રી બાબુભાઈ કાલરીયા |
| શ્રી પ્રકાશભાઈ સોની | શ્રી જીતુભાઈ કેર | શ્રી જગદીશભાઈ સેલાણી |

તેમજ કરીયાણા એસોસીએશનનાં તમામ કારોબારી સભ્યશ્રીઓ

અમરેલી ડિસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સ
આંતરરાષ્ટ્રીય હિંદુ પરિષદ - અમરેલી
અનાજ કરીયાણા રીટેઈલ મર્ચન્ટ એસોસીએશન-અમરેલી
ઈન્દીરા શોપીંગ સેન્ટર વેપારી એસોસીએશન-અમરેલી
મોટા બસ સ્ટેન્ડ વેપારી એસોસીએશન - અમરેલી

## પ્રદેશ કોંગ્રેસ કાર્યાલય ખાતે અમદાવાદનાં પૂર્વ મેયરની પત્રકાર પરિષદ યોજાઈ

# અંતે ભાજપ સરકારે કોંગી નેતા રાહુલ ગાંધીની જાતિગણનાની માંગ સ્વીકારવી પડી

ભાજપ સરકાર ઘણા વર્ષોથી જાતિગણનાથી બચતી હતી અંતે રાહુલ ગાંધીની માંગ સ્વીકારવી પડી

ભાજપ દ્વારા વિપક્ષ જાતિ આધારિત રાજકારણ કરતો હોવાનો આક્ષેપ હવા હવાઈ થઈ ગયો

જાતિ આધારિત વસ્તી ગણતરીનું કાર્ય ઝડપથી અને પારદર્શી રીતે થવું જરૂરી

પત્રકાર પરિષદમાં પ્રદેશ કોંગ્રેસનાં અનેક દિગ્ગજ નેતાઓ પણ ઉપસ્થિત રહ્યા



અમદાવાદ, તા. ૨

સામાજિક ન્યાય માટે સતત લડતા જનનાયક રાહુલ ગાંધીનાં સંઘર્ષ બાદ વધુ એક વખત કેન્દ્રની ભાજપ સરકારે રાહુલ ગાંધીની વાતને સ્વીકારી જાતિ જનગણના કરવાની સરકારને ફરજ પડી છે. ત્યારે રાજીવ ગાંધી ભવન ખાતે આયોજિત આભાર દર્શન કાર્યક્રમમાં મીડિયાને સંબોધન કરતા પૂર્વ મેયર અને અમદાવાદ શહેર કોંગ્રેસ સમિતિનાં પ્રમુખ હિંમતસિંહ પટેલએ જણાવ્યું હતું કે, રાહુલ ગાંધીએ 'ભારતજોડો' યાત્રા કરી કાશ્મીરથી કન્યાકુમારી સુધી પદયાત્રા કરી ભારતીયોને હક્ક અધિકાર માટે જાતિ આધારિત વસ્તી ગણતરીની માંગ કરી હતી. રાહુલ ગાંધી જાતિ આધારિત વસ્તી ગણતરીના પ્રખર હિમાયતી રહ્યા છે. સામાજિક ન્યાય અને સામાજિક સશકિતકરણ એ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસની કટિબધ્ધતા છે. લોકસભા ચૂંટણીમાં પણ ન્યાયની ગેરંટી આપવામાં આવી હતી. જાતિ આધારિત વસ્તી ગણતરીની માંગને પગલે હવે ભાજપ સરકારે વસ્તી ગણતરી સાથે જાતિ આધારિત વસ્તી ગણતરી કરાવવાની ફરજ પડી છે. જેની અમે પહેલા દિવસથી માંગ કરી રહ્યા હતા. વડાપ્રધાન મોદી વારંવાર આ સામાજિક ન્યાયની નીતિને લાગુ કરવાથી બચતા રહ્યા અને વિપક્ષ પર સમાજને વિભાજિત કરવાનો ખોટો આરોપ લગાવતા રહ્યા. જાતિ આધારિત વસ્તી ગણતરીના અભાવે, સામાજિક ન્યાય અને સશકિતકરણ કાર્યક્રમોનું યોગ્ય અમલીકરણ અધૂરૂં રહે છે માટે જાતિ જનગણના તમામ વર્ગો માટે જરૂરી છે. જાતિ જનગણના અંગે લેવાયેલો નિર્ણય રાહુલ ગાંધીના સંઘર્ષ, સમર્પણ અને દૂરદર્શિતાનું પ્રતીક છે. શોષિત–વંચિત સમાજ હંમેશા તમારો ઋણી રહેશે. જેના પગલે રાજીવ ગાંધી ભવન ખાતે જનનાયક રાહુલ ગાંધીનો આભાર દર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતુ જેમાં મોટી સંખ્યામાં કોંગ્રેસ પક્ષના કાર્યકરો, આગેવાનો ઉપસ્થિત થયા હતા.

રાહુલ ગાંધીનાં આભાર દર્શન કાર્યક્રમમાં મીડિયાને સંબોધન કરતા વિધાનસભા કોંગ્રેસ પક્ષ ઉપનેતા શૈલેષભાઈ પરમારે જણાવ્યું હતું કે, લોકસભામાં રાહુલ ગાંધીએ ડંકાની ચોટ પર કહ્યું હતું કે જાતિ જન ગણના કરીને બતાવીશું અને ભાજપ સરકારને ફરજ પડી કે જાતિ જનગણનાની જાહેરાત કરવી પડી છે. સંવિધાન અનુસાર જનગણના કરવી એ સરકારની જવાબદારી છે. જાતિ આધારિત વસ્તી ગણતરી જરૂરી છે, ન્યાયપૂર્ણ હિસ્સેદારી વિના સૌની પ્રગતિ અધૂરી છે. જાતિ આધારિત વસ્તી ગણતરીનું કામ સંપૂર્ણ પારદર્શિતા સાથે થવી જોઈએ. ભાજપ સરકાર જાતિ આધારિત વસ્તી ગણતરી કેવી રીતે અને કયારે પૂર્ણ કરશે ? તે જનતાને જણાવે.

રાજીવ ગાંધી ભવન ખાતે આયોજિત આભાર દર્શન કાર્યક્રમમાં એ.આઈ.સી.સી.ના મંત્રી અને સહપ્રભારી રામકિશન ઓઝા, પ્રદેશ ઉપપ્રમુખ બિમલ શાહ, પંકજ પટેલ પ્રદેશ મહામંત્રી બળદેવ લુણી, રાજુ બ્રહ્મભટ્ટ, જગત શુકલ, મીડિયા કો–કન્વિનર અને પ્રવકતા હેમાંગ રાવલ, પ્રદેશ પ્રવકતા ગીતાબેન પટેલ, હિરેન બેન્કર, પાર્થિવરાજ કઠવાડિયા, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કોંગ્રેસ પક્ષના દંડક જગદીશ રાઠોડ સહિત કોંગ્રેસ પક્ષના કાર્યકરો, આગેવાનો, કોર્પોરેટો ઉપસ્થિત રહ્યા હતા.

### પાલિકા સંચાલિત સાંસ્કૃતિક હોલ ઘણા મહિનાઓથી બંધ થયા બાદ

# અમરેલીમાં શ્રી દિલીપ સંઘાણી સાંસ્કૃતિક હોલનાં નવિનીકરણ બાદ આજે દબદબાભેર શુભારંભ

દિલીપ સંઘાણી, સાંસદ સુતરીયા, ધારાસભ્ય વેકરિયા, પાલિકા પ્રમુખ લીંબાણી, ભાજપા પ્રમુખ અતુલ કાનાણી, ડો. કાનાબાર, પી.પી. સોજીત્રા, અશ્વિન સાવલીયા પણ ઉપસ્થિત રહેશે






અમરેલી, તા. ૨

અમરેલીમાં અંદાજિત બે વર્ષથી બંધ થયેલ શ્રી દિલીપ સંઘાણી સાંસ્કૃતિક હોલનું લાખો રૂપિયાનાં ખર્ચે નવિનીકરણ થયા બાદ આવતીકાલ શનિવારે રાત્રિનાં ૮.૩૦ કલાકે પુનઃ શુભારંભનો કાર્યક્રમ યોજાશે.

આ કાર્યક્રમમાં દિલીપ સંઘાણી, સાંસદ ભરત સુતરીયા, નાયબ દંડક કૌશિક વેકરિયા, ભાજપા પ્રમુખ અતુલ કાનાણી, ડો. કાનાબાર, અશ્વિન સાવલિયા, પી.પી. સોજીત્રા, પુર્વ સાંસદ કાછડીયા, દિનેશભાઈ પોપટ, રાજેશ કાબરીયા, શરદ લાખાણી, કિશોરભાઈ દવે, પાલિકા પ્રમુખ બિપીન લીંબાણી સહિતનાં આગેવાનો ઉપસ્થિત રહેશે. આ તકે સુપ્રસિધ્ધ ઓરકેસ્ટ્રા મ્યુઝીકલ મીલોઝ બેન્ડની મ્યુઝીકલ નાઈટનું આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા પાલિકાના તમામ નગરસેવકો અને ચીફ ઓફીસરે અનુરોધ કરેલ છે.

# પાયલ પ્રકરણમાં નવો વળાંક આવ્યો



અમરેલી સહિત સમગ્ર રાજયમાં ચકચારી બનેલ પાટીદાર યુવતી પાયલની અર્ધી રાતે અટકાયત કરીને બાદમાં સરઘસ કાઢવામાં આવ્યું અને તાલુકા પંચાયતનાં પ્રમુખ કિશોર કાનપરીયાનો કથિત પત્ર સોશ્યલ મીડિયામાં વાયરલ થયો અને બાદમાં મનિષ વઘાસીયા સહિતનાં વ્યકિતઓ વિરૂધ્ધ ફરિયાદ નોંધાયા બાદ આ પ્રકરણમાં શરૂઆતથી માર્ગદર્શન આપી રહેલ હાઈકોર્ટનાં એડવોકેટ આનંદ યાજ્ઞિકે આજે અમરેલી ખાતે સ્થાનિક પોલીસ અધિકારીઓની મુલાકાત લઈને વાયરલ થયેલ પત્રમાં કિશોર કાનપરીયાની સહી હોવાનો પત્રકારો સમક્ષ દાવો કર્યો હતો.

### સ્પેશ્યલ ઓપરેશન ગૃપ દ્વારા

# ધારીનાં હિમખીમડી પરામાંથી મૌલાનાની શંકાસ્પદ હિલચાલની તપાસ શરૂ કરાઈ

મૌલાનાનો મોબાઈલ કબ્જે કરી તપાસ શરૂ કરી



અમરેલી, તા. ૨

કાશ્મીરના પહેલગામમાં આંતકી હુમલાની ઘટના બાદ હાલની પરિસ્થિતને ધ્યાને લઈ અમરેલી જિલ્લામાં રહેતા બાંગ્લાદેશીઓ અને ઘુસણખોરો સામેની તપાસ શરૂ હોય. ત્યારે અમરેલી પોલીસ દ્વારા ધારીના હિમખીમડીપરા વિસ્તારમાં આવેલ એક મદ્રેશામાં એક મૌલાના અંગેની તપાસ કરતાં તપાસ દરમિયાન તેમની પાસે રહેઠાણના કે અન્ય કોઈ આધાર પુરાવા કે આધારકાર્ડ હાજરમાં નહીં મળી આવતાં પોલીસ દ્વારા આઈસમ સામે તપાસનો ધમધમાટ શરૂ કરી આગળની જરૂરી કાર્યવાહી હાથ ધરવા માટે ધારી પોલીસમાં જાણવા જોગ નોંધ કરી હતી અને મૌલાનાની ગતિવિધિ સામે અમરેલી એસ.ઓ.જી. પોલીસે તપાસ શરૂ કરી દીધી હતી. ત્યારે આ શંકાસ્પદ ઈસમના મોબાઈલમાંથી ' પાકિસ્તાન' અને 'અફઘાનિસ્તાન' ના સોશ્યલ મીડિયામાં ગૃપ મળી આવ્યા હોય મૌલાનાની શંકાસ્પદ ગતિવિધિ સામે પોલીસે તપાસ શરૂ કરી છે.

આ બનાવમાં સૂત્રોમાંથી મળતી વિગત અમરેલી પોલીસ દ્વારા જિલ્લામાં ગેરકાયદેસર રીતે વસવાટ કરતા શંકાસ્પદ બાંગ્લાદેશી–પાકિસ્તાનીઓ અને પરપ્રાંતીય ઈસમો અંગે તપાસ કરતા હોય. ત્યારે ધારી નજીક આવેલ હિમખીમડીપરા વિસ્તારમાં ગઈકાલે પોલીસ તપાસ દરમિયાન મદ્રેશામાં રહેતા મૌલાના મોહમદફઝલ અબ્દુલઅજીજ શેખે (ઉ.વ. ૨૭) પોતાના મુળ રહેઠાણ અંગેના કોઈપણ આધાર પુરાવા રજુ કરેલ ન હોય અને કોઈ સંતોષકારક જવાબ આપેલ ના હોય. જેથી આ ઈસમના મુળ નાગરીકત્વ અંગેની તપાસ કરવા તેમજ આ શંકાસ્પદ વ્યકિતના મુળ રહેઠાણ અંગેના તમામ અસલ દસ્તાવેજ મેળવવા સારૂ તપાસ હાથ ધરવામાં આવેલ હતી.

આ બનાવમાં સૂત્રોમાંથી મળતી વિગત મુજબ મૌલાના મોહમદફઝલ અબ્દુલઅજીજ શેખનો મોબાઈલ ફોન પોલીસે તપાસતા મોબાઈલમાંથી 'પાકિસ્તાન' અને 'અફઘાનિસ્તાન'ના સોશ્યલ મીડિયામાં ગૃપ મળી આવ્યા હોય. સ્પેશ્યલ ઓપરેશન બ્રાન્ચ (એસઓજી)ની ટીમ દ્વારા મોબાઈલ કબ્જે લઈ મોબાઈલ ફોનથી કોઈ ગુપ્ત માહિતીની આપ–લે થઈ છે કેમ ? તે અંગેની તપાસ કરવા મોબાઈલ ફોનને ફોરેન્સિક તપાસ માટે મોકલી આપ્યો છે. ત્યારે આ ઈસમની પૂછપરછ દરમ્યાન આ મૌલાના અમદાવાદ શહેરના જુહાપુરાનો રહેવાસી હોવાની વિગતો આપતા અમરેલી એસ.ઓ.જી. દ્વારા તે દિશામાં પણ તપાસ શરૂ કરી હતી. હકીકતમાં આ અમદાવાદના રહેવાસી હોવા અંગેના પુરાવા મળી આવેલ છે.

### બાબરાનાં સુખપુર નજીક અજાણ્યા વાહને હડફેટે લીધા

# જસદણનાં ગોખલાણાથી ગઢડા જવા નીકળેલ બાઈક સવારનું અકસ્માતમાં મોત નિપજયુ

અમરેલી, તા. ૨

જસદણ તાલુકાના ગોખલાણા ગામે રહેતા મહેશભાઈ ઘરેથી ગઢડા જવા પોતાનું મોટર સાયકલ નં. જી.જે.–૦૩ બીજી–૯૮૧૬ વાળુ લઈ નિકળેલ હતા અને રસ્તામાં સુખપર ગામના પાટીયા પાસે મહેશભાઈને કોઈ અજાણ્યા વાહન ચાલકે પોતાનુ વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી અથડાવી દઈ મહેશભાઈને શરીરે તથા માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી મોત નિપજાવી નાસી ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

### સતત એક મહિના સુધી ઉઘરાણી કરી

# ધારીનાં ધારગણી ગામનાં ઈસમે કેરીનાં ઈજારદાર પાસે ૧ લાખની માંગણી કરી

અમરેલી, તા. ૨

ધારી તાલુકાના ધારગણી ગામે રહેતા આરોપી ઘુઘાભાઈ રામકુભાઈ વાળાએ ઉના તાલુકાના માણેકપુર ગામે રહેતા કાનાભાઈ નાનજીભાઈ શિયાળ નામના વેપારીને ગત તા. ૩૧/૩ના રોજ સવારે ૧૧ વાગ્યાથી તા. ૨૯/૪ના સાંજના આશરે પોણા આઠેક વાગ્યા દરમ્યાન અવાર નવાર ફોન કરી પોતાની ઓળખાણ આપી અને કહેલ કે તારે અમારા ગામમાં બગીચાનો ઈજારો રાખવો હોય તો મને એક લાખ રૂપિયા આપવા પડશે નહીતર તને અને તારા બંન્ને દિકરાઓને જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી તથા ગાળો આપી વેપારી પાસેથી આરોપીએ બળ જબરીથી નાણા મેળવવા માંગણી કર્યાની ચલાલા પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

### અચાનક છાતીમાં દુઃખાવો ઉપડતા

# વડિયાના પુર્વ સરપંચ અને ભાજપ અગ્રણી છગનભાઈ ઢોલરીયાનું નિધન

સમગ્ર પંથકમાં શોકમય માહોલ સર્જાયો



વડિયા, તા. ૨

વહેલી સવારે છાતીમાં દુઃખતુ હોવાથી ફરીયાદ કરતાં તાત્કાલિક વડિયા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે સારવારમાં ખસેડાયા હતા. ત્યાં ફરજ પરના ડોકટર વધુ સારવાર માટે વડિયાથી જેતપુર રીફર કરેલ હોય જેતપુર પ્રાઈવેટ હોસ્પિટલમાં જ સારવાર મળે એ પહેલા જ નિધન થયું હતું. બાદમાં વડિયા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે પીએમ માટે ખસેડવામાં આવ્યા હતા. જયા વડિયા તેમજ તાલુકાભરના રાજકીય આગેવાનો સગાંવહાલાં ગ્રામજનો મોટી સંખ્યામાં દોડી આવ્યા હતા.

અમરેલી જિલ્લા ભારતીય જનતા પાર્ટીના અનેક હોદાઓ પર સકિય સફળ કામગીરી કરનાર એવા વડિયાના પૂર્વ સરપંચ છગનભાઈ ઢોલરીયાનું નિધનના સમાચાર વાયુવેગે પ્રસરતા વડિયા વિસ્તારની ચિંતા કરતા અને લોકો વચ્ચે રહી કામ કરતા એક સકિય અગ્રણી ની ખોટ પડતા સમગ્ર વડિયા પંથકમાં શોકમય વાતાવરણ સર્જાતું જાવા મળી રહ્યું છે.

# અમરેલીનાં સુખનાથ મંદિર ચોક યુવક મંડળ દ્વારા આયોજિત શ્રીમદ્ ભાગવત્ સપ્તાહમાં માનવ મહેરામણ ઉમટયો



અમરેલી સુખનાથ મંદિર ચોક યુવક મંડળ દ્વારા આયોજીત શ્રીમદ્ ભાગવત સપ્તાહના ચોથા દિવસે યુવા ભાગવતાચાર્ય કૌશિકદાદાએ ભાવસભર કથા ગાન દ્વારા શુભારંભ કર્યો હતો. આજના દિવસે રામ જન્મોત્સવ, કૃષ્ણ જન્મોત્સવ તથા વામન અવતાર જેવા પાવન પ્રસંગોની ભકિતમય વિગત સાથે કથા આગળ વધારવામાં આવી હતી. રાત્રે સાહિત્ય અને સાંસ્કૃતિક સમારંભ યોજાયો જેમાં સૌરાષ્ટ્ર અને ગુજરાતના જાણીતા ડાયરાના કલાકાર અરવિંદભાઈ બારોટ તથા હાસ્ય કલાકાર સુખદેવભાઈ ધામેલીયાએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો અને શ્રોતાઓનું હૃદય જીત્યું. આજના પ્રસંગે વિશિષ્ટ મહેમાન તરીકે કૌશિકભાઈ વેકરીયા, પ્રદેશ યુવા મોરચા પ્રમુખ પ્રશાંતભાઈ કોરાટ, અમરેલીના પૂર્વ સાંસદ વીરજીભાઈ ઠુંમર, પ્રતાપભાઈ દુધાત, ભાવેશભાઈ રાદડિયા, બાબુભાઈ જેબલિયા, મનસુખભાઈ ભુવા, પી.પી. સોજીત્રા, ડો. વિરેન્દ્રભાઈ ધાખડા, ચેતનભાઈ શિયાળ, શરદભાઈ લાખાણી, સુરેશભાઈ ગોધાણી, ધીરૂભાઈ રૂપાલા, મૃગેશભાઈ કોટડીયા, હરિબાપ સાંગાણી, જીગ્નેશભાઈ પટેલ, જયેશભાઈ નાકરાણી, ડી.કે. રૈયાણી, કાંતિભાઈ વઘાસિયા, કાળુભાઈ ભંડેરી, કાળુભાઈ કાછડીયા, મગનભાઈ ભાદાણી, દિનેશભાઈ સાવલિયા, લલિતભાઈ ઠુંમર, સંદીપભાઈ ભટ્ટ, સંદીપભાઈ ધાનાણી, ભીખુભાઈ કાબરીયા, મૂલાનીભાઈ તથા અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરિટેબલ ટ્રસ્ટનાં હરજીભાઈ નારોલા, જેસિંગપરા માંગરોળિયા પરિવાર, વિશાલભાઈ રાદડિયા, બાવકુભાઈ વાળા, ગાયત્રી શકિતપીઠમાંથી હિરેનભાઈ ચાવડા, ભાર્ગવભાઈ ત્રિવેદી, રાજભાઈ જાની મહાવીર વસ્ત્ર ભંડાર, ભાવનાબેન સતાસિયા, જયાબેન વજુભાઈ રામાણી, રેખાબેન માવદીયા, જયાબેન ચાવડા, સંગીતાબેન જોશી તેમજ રાજકીય-સામાજિક આગેવાનો ઉપસ્થિત રહેલ. સહિત અનેક રાજકીય અને સામાજિક આગેવાનો ઉપસ્થિત રહ્યા તથા શહેરના અગ્રણીઓ, મહિલા આગેવાનો અને ભકતજનોએ પોતાની ઉપસ્થિતિ નોંધાવી. શ્રીમદ્ ભાગવત કથા દરમ્યાન દિલીપભાઈ સંઘાણી, અનિભાઈ સાવલિયા, સુખનાથ મંદિર ચોક યુવક મંડળ મુકેશભાઈ સંઘાણી, મનીષભાઈ સંઘાણી, ડેનીભાઈ રામાણી, ચંદુભાઈ રામાણી, ધાર્મિકભાઈ રામાણી તેમજ યુવક મંડળના સભ્યો સતત ઉપસ્થિત રહેલ. કથા દરમ્યાન સંચાલન જયદીપભાઈ કાબરીયાએ કરેલ.

### મુડીવાદનાં યુગમાં ભાગીદારો વચ્ચે બઘડાટી

## બગસરામાં નાણાની ઉઘરાણી બાબતે ડ્રાઈવર ઉપર ૪ ઈસમોનો હુમલો

અમરેલી, તા. ૨

જુનાગઢ ગામે રહેતા નવાજભાઈ હનીફભાઈ શાહમદાર નામના ડ્રાઈવર તથા બગસરા ગામે રહેતા આરોપી કાદરભાઈ કાળવાતર બન્ને અગાઉ ભાગીદારીમાં ધંધો કરતા હોય અને ડ્રાઈવરે અગાઉ આરોપી કાદરભાઈ પાસેથી પૈસા લીધેલ હોય. જેથી આરોપીએ ડ્રાઈવરને તા. ૩૦ના સાંજે ૭વાગ્યેબગસરા ગામે પોતાના ઘર પાસે બોલાવી બાકી પૈસાની માંગણી કરી ગાળો આપી હતી. આરોપીના ભત્રીજા મોઈને ડ્રાઈવર પાસેથી તેનુ એકટીવા મોટરસાયકલ આંચકી લેવાનુ કહી બીજા ભત્રીજાએ જાનથી મારી નાખવાની ધમકી આપી તથા એકટીવા મોટરસાયકલ જેની લોક કરેલ ડેકીમાંથી રૂપિયા ૧૦,૦૦૦ પડેલ હતા તે મોટર સાયકલ કિંમત રૂા. ૮૦,૦૦૦ની ડ્રાઈવર પાસેથી બળજબરીથી આંચકી લીધેલ હતું.

બાદમાં ડ્રાઈવર પોતાની મોટર સાયકલ પરત માંગવા જતા આરોપી કાદરભાઈ તથા તેનો ભત્રીજો મોઈન તથા બીજો ભત્રીજો તથા આરોપીના ભાઈ આ ચારેય જણાએ ડ્રાઈવરને ઢીકાપાટુનો મુંઢમાર મારેલ હોય. જેથી ડ્રાઈવરને લાગી આવતા પોતે ફીનાઈલની ટીકડીઓ પી ગયેલ હોય આ તમામ આરોપીઓ સામે બગસરા પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

### કોઈ બાબતે મનમાં લાગી આવતાં

## બાબરા : મોટા દેવળીયાનાં યુવકે ગળાફાંસો ખાઈ અંતિમવાટ પકડી

અમરેલી, તા. ૨, બાબરા તાલુકાના મોટા દેવળીયા ગામે રહેતા અને ખાનગી નોકરી કરતાં મીલનભાઈ ઘનશ્યામભાઈ જાવીયા નામના ૨૫ વર્ષિય યુવકને કોઈ બાબતે મનમાં લાગી આવતા ગત તા.ના રોજ સાંજના ૬ વાગ્યે મોટા દેવળીયા ગામની સીમ તેમના ફઈની વાડીએ જઈ અને ગળાફાંસો ખાઈ લેતાં તેમનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.


**ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ**

નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશનરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.

ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...

જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.

વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.

શ્રીનાથજી કોમ્પ્યુટર્સ — ૪૦, પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી — ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

**ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ**

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

ડ્રાયફ્રુટથી ભરપુર મસ્ત મજાના...

**મગડી ગુંદીના લાડુ**

નાયલોન તથા વાટીદાળનાં **ખમણ**

પોચા-પોચા મસ્ત મસ્ત ગુલાબજાંબુ

તેમજ અવનવા તાજા ફરસાણ મળશે

સાથે મસ્ત ચટાકેદાર ખજુરની ચટણી ફ્રી

બટેટા વેફર્સ ▪ કેળા વેફર્સ ▪ ફરાળી ચેવડો

તેમજ અમારી

સ્પે. આઈટમ ફરાળી ચટણી

હાજરમાં મળશે

શિવ

નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ ▪ મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫












# આઝાદીના ૭૫ વર્ષ પૂર્વે વડાપ્રધાન અટલ બિહારી વાજપાઈએ સુંદર કાવ્ય લખેલ છે અહિ પ્રસ્તૃત છે




ભારત જમીન કા ટુકડા નહીં,
જીતા–જાગતા રાષ્ટ્ર–પુરૂષ હૈ.
હિમાલય મસ્તક હૈ,
ગૌરીશંકર શિખા,
કશ્મીર કિરીટ (મુકુટ) હૈ.
પંજાબ ઔર બંગાલ વિશાલ કંધે હૈ,
વિંદયાચલ કટિ (કમર) નર્મદા કરધની (કમરબંધ) હૈ.
પૂર્વી ઔર પશ્ચિમી ઘાટ દો જંઘાએ હૈં,
કન્યાકુમારી ચરણ હૈ, સાગર ઈસકે પગ પખારતા હૈ.
પાવસ કે કાલે–કાલે મેઘ ઈસકે કુંતલ કેશ હૈ,
ચાંદ ઔર સૂરજ ઈસકી આરતી ઉતારતે હૈ.
યહ વંદન કી ભૂમિ હૈ, અભિનંદન કી ભૂમિ હૈ,
યહ તર્પણ કી ભૂમિ હૈ, યહ અર્પણ કી ભૂમિ હૈ,
ઈસકા કંકર–કંકર શંકર હૈ એર બિંદુ–બિંદુ ગંગાજલ.
હમ જિયેંગે તો ઈસકે લિયે,
મરેંગે તો ઈસકે લિયે...

–અટલ બિહારી વાજપેઈ

# ''આને જ કહેવાય શિક્ષક ''




શાળા રીપેરિંગના કામમાં પૂરતું ધ્યાન આપી શકાય. ગામમાં જ રહેવા આવ્યા

જામકંડોરણા તાલુકાનું પીપળીયા એજન્સી નામનું એક નાનું એવું ગામ છે. સાવ નાના એવા આ ગામમાં પ્રાથમિક શાળાના શિક્ષક તરીકે બિપિનભાઈ અને મધુબેન નોકરી કરે. આ બંને વચ્ચે ભાઈ બહેનનો લોહીનો સંબંધ. બંને ભાઈ બહેન માત્ર ૨૫૦૦ રૂપિયાના માસિક પગારમાં બાળકોને ભણાવવાનું કામ કરે અને બાજુમાં આવેલા સાતોદડ ગામમાં રહે.

૨૦૦૧ના ભૂકંપ પછી શાળા રીપેરિંગ કરાવવાની હતી. આથી બાજુના ગામમાંથી અપડાઉન કરવાને બદલે બંને ભાઈ બહેન રહેવા માટે પીપળીયા ગામમાં જ આવી ગયા જેથી શાળા રીપેરિંગના કામમાં પૂરતું ધ્યાન આપી શકાય. ગામમાં જ રહેવા આવ્યા એટલે એક નવો અનુભવ થયો. રાત્રે આ ગામ અંધારીયુ બની જતું હતું કારણ કે ગામની સ્ટ્રીટ લાઈટ બંધ હતી. બિપિનભાઈએ નક્કી કર્યુ કે અજ્ઞાનનું અંધારૂ ઉલેચવાની સાથે સાથે આ અંધારૂ પણ દૂર કરવું છે.

ગ્રામ પંચાયતની એ સ્થિતિ નહોતી કે એ આ માટે કંઈ કરી શકે અને આ કામ ગ્રામ પંચાયતનું જ છે એમ માનનારા ગ્રામજનો આ માટે કોઈ ફાળો આપે તેમ ન હતા આથી શાળાના આચાર્યએ એક જુદો જ રસ્તો અપનાવ્યો. ગામના લોકોને રામાયણ સીરીયલ બહુ ગમતી આથી ગામના ચોકમાં રાત્રે રામાયણ બનાવવાનું ચાલુ કર્યુ. ટીવી અને વીસીઆર ભાડે લાવે અને ગામના બધા લોકો પાસેથી મામુલી ફી ઉઘરાવવામાં આવે. ભાડું ચૂકવ્યા પછી પણ સારી એવી રકમ બચત તરીકે રહે એ બચતનો ઉપયોગ કરીને એમણે ગામની સ્ટ્રીટ લાઈટ ચાલુ કરાવી. શાળાનો સમય ૭.૩૦નો હોય પણ ભાઈ બહેન બંને સવારે પોણા સાત સુધીમાં શાળાએ આવી જાય. ભાઈ દરવાજા પાસે બેસે અને જે બાળ કો ગંદા હોય તેના હાથ–પગ–મોસાફ કરી આપે અને પછી અંદર મોકલે. બહેન આ બાળકોને માથામાં. તેલ નાંખીને માથું ઓળી આપે, કોઈના નખ વધી ગયા હોય તો નખ કાપી આપે. પછી ભણાવવાનું શરૂ થાય. બપોરે જમીને ભાઈ–બહેન ફરીથી શાળાએ આવે અને કોઈ પણ જાતની ફી વગર સાવ મફતમાં નબળા વિદ્યાર્થીઓને ટયુશન આપે અને રાત્રે ગામના અભણ લોકોને ભણાવવાનું પણ કામ કરે. શિક્ષકનું તો કામ અજવાળું ફેલાવવાનું છે. આપણને સોંપાયેલા કાર્યપ્રત્યેની આપણી નિષ્ઠા અને સમર્પણ જેના માટે એ કામ થાય છે એમને તો ફાયદો કરાવશે જ પણ સાથે સાથે આપણા પોતાના અંતરાત્માને પણ અવર્ણનિય આનંદ આપશે. માણસને થાક કામનો નહીં પણ કામચોરીનો લાગતો હોય છે.





# આપેલ ચિત્રમાં મનગમતાં રંગો પૂરો



બાળમિત્રો
(પ્રિન્સીપાલશ્રી રવજીભાઈ કાચા સાહેબ)

## પૂ. ડોંગરેજી મહારાજની અમૃતવાણી
## જ્ઞાન ઝરણા



### શ્રીમદ્ ભાગવત મહાત્મ્ય

૧. કોઈ દિવસ અન્નનો અનાદર ન કરવો. ભિખારીને પણ ઉચ્છિષ્ટ આપવું નહીં.
૨. ટેકો લેવો તો ઈશ્વરનો જ લેવો બીજા કોઈનો નહીં.
૩. સુંદર સ્ત્રીને જુઓ ત્યારે માતાની ભાવના કરો. તો પછી તમારામં તે સ્ત્રી પ્રત્યે કામ ભાવ જાગશે નહીં. તેમ સર્વમાં શ્રી કૃષ્ણ નિહાળો.
૪. રાત્રીના અગિયારથી સાડાત્રણ સુધીના કાળને નિષિદ્ઘ કાળ માન્યો છે. તેમાં સ્નાન કે ભોજન થાય નહીં.
૫. મનુષ્યનો મોટામાં મોટો શત્રુ કામ છે. તેમાંથી બીજા દુર્ગણો ઉત્પન્ન થાય છે અને છેવટે તેનું પરિણામ બુદ્ધિનાશામાં આવે છે.
૬. પવિત્રતા સ્ત્રી ઈશ્વરને પણ બાળક બનાવી શકે છે.
૭. વિયોગમાં પ્રેમ પુષ્ટ બને છે. વિયોગમાં ગુણ દેખાય છે. સંયોગમાં દોષ દેખાય છે.
૮. સાધક જયારે ધ્યાનનો આરંભ કરે છે, ત્યારે મન ચંચળ હોવાથી તેને ઈશ્વર દર્શન થતું નથી, પણ અંધારૂ દેખાય છે. તે સમયે નિરાશ ન થતાં પ્રયત્ન ચાલુ રાખશો તો તે અંધારામાંથી પ્રકાશ નીકળશે.
૯. જેની આખમાં રજોગુણ હોય તે જયાં દોષ ન હોય ત્યાં પણ દોષ શોધી કાઢે છે.
૧૦. વાતો અને વિચારમાં સમયને ગુમાવશો નહીં. તેમાં જ જો સમયને ગુમાવશો તો આચારમાં કયારે ઉતારશો ?

## જ્ઞાનમંજરી

**ભારતનાં મહત્વનાં સ્થળો**

(૧) ભારતની લોકસભામાં સૌથી વધારે સભ્યસંખ્યા ધરાવતું રાજય કયું છે ? – ઉત્તર પ્રદેશ
(૨) ભારતમાં સૌપ્રથમ પંચાયતરાજયની સ્થાપના કયા રાજયમાં થઈ ? – રાજસ્થાન
(૩) ભારતની શાસનપદ્ધતિને શા માટે 'સંસદીય' શાસનપદ્ધતિ કહે છે ? – ભારતનું સાસંદનું સાર્વભૌમત્વ છે તેથી
(૪) રાષ્ટ્રપતિશાસન દરમિયાન રાજયનો વહીવટ કોણ સંભાળે છે ? – રાજયપાલ
(૫) જિલ્લા ન્યાયધીશોની નિમણુક કોણ કરે છે ? – રાજયપાલ
(૬) બંધારણની કઈ કલમ 'હિન્દી' ભાષાને ખાસ દરરોજ આપે છે ? – કલમ ૩૪૩
(૭) આપણી બંધારણ સભાએ કયા દિવસે આપણા રાષ્ટ્રધ્વજને સ્વીકાર્યો ? – જુલાઈ ૨૨, ૧૯૪૭
(૮) બંધારણ સભાની પ્રથમ બેઠક કયારે મળી હતી ? – ૯ ડિસેમ્બર, ૧૯૪૬
(૯) હાલમાં ભારતમાં લોકસભાની કુલ કેટલી બેઠક છે ? – ૫૪૩+૨
(૧૦) ગુજરાતના વિધાનસભાની કુલ કેટલી બેઠકો છે ? – ૧૮૨

## ઝળહળ ઝાકળ

લેખક : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા

### ભેંસનો ભાઈ ?

છાશને મથવામાં આવે ત્યારે સપાટી પર માખણ તરી આવે, એ માખણની આકરી તાવણી કરવામાં આવે, ત્યારે તેમાંથી ઘી બને ! ગોળી એક છાશ, વાટકી એક ઘી !


છાશ એટલે માહિતી (information), માખણ એટલે (knowledge) અને ઘી એટલે શાણપણ (wisdom). આપણા ઋષિઓએ 'ઘી'ને 'જીવન' કહ્યું છે. શાણપણ વિનાનું જીવન એટલે એડકા વિનાના પારવાર મીંડા.

## પ્રયોગ ૪૩
## કેલિડોસ્કોપ

હેતુ : કેલિડોસ્કોપ બનાવવું
સાધન : ત્રણ સમતલ અરીસાની પટ્ટી ટ્રેસિંગ પેપરનો ટૂકડો જાડો પેપર રબ્બર બેન્ડ સેલો ટેપ બંગડીના કાચના ટુકડા.
રીત : સમતલ અરીસાની ત્રણે લાંબી પટ્ટીઓને ૬૦ – ૬૦ અંશનો ખુણે રહે તે રીતે પાસાપાસે ગોઠવો.

**પ્રયોગની પાંખે**
વિજ્ઞાન નગરી
પ્રકાશક: શ્રી બળવત પારેખ

તેના ઉપર રબ્બર બેન્ડ ચડાવી બરાબર ફીટ કરો. હવે પટ્ટી ફરતે સેલોટેપ મારી દો.
જેથી પટ્ટીની ધાર વાગે નહી.
ત્રિકોણ પટ્ટીઓના બંને છેડે સાદો કાચ લગાડો.
તેની આસપાસ ગોળાકારે જાડો કાગળ વીટાળો અથવા તેવું ભૂંગળ શોધી પટ્ટી તેમાં નાખો.
એકબાજુના સાદા કાચને અને ભુંગળાની ખુલ્લી જગ્યા વચ્ચે બંગડીના થોડા ટૂકડા નાખો.
બંગડીના ટૂકડા નાખ્યા છે તે બાજુ ભુંગળાને છેડે પારદર્શક ટ્રેસિંગ પેપર લગાડી દો.
હવે સાદા કાચમાંથી કેલિડોસ્કોપની અંદર જુઓ. ધીરે ધીરે ફેરવતા જાઓ અને રચતા પ્રતિબિંબનો અભ્યાસ કરો.
અવલોકન : કેલિડોસ્કોપને ધીરે ધીરે ગોળ ગોળ ફેરવતા વિવિધ પ્રકારની ડિઝાઈન રચાય છે.
તારણ : અહિ અરીસાઓ ૬૦ અંશના ખૂણે મૂકવામાં આવે છે. આથી અરીસાઓ આગળ રચાતા ખૂણા આગળ સમાકૃત (સરખી આકૃતિ) પાંચ પ્રતિબિંબ અને એક મૂળ વસ્તુ એમ છ સરખી આકૃતિઓ નેત્ર કાચમાં જોવા મળે છે.




## હોરમસજી અને હવાઈઅડ્ડો

**સુજલની સાહસકથા**
નલિન મહેતા
પ્રકાશક : ભદ્રા મહેતા

બસઅડ્ડા પાસે આવેલ ફોન બૂથ પર જઈ મેં પોલીસ સ્ટેશનનો ફોન નંબર ઘુમાવ્યો.

''અંકલ સોલી – આઈ મિન હોરમસજી સાહેબને ફોન આપો,'' સામેથી રિસિવર ઊંચકાયાનો સંકેત થતાં હું તરત બોલ્યો.

થોડી વારે એક પારસી સદ્‌ગૃહસ્થનો રમૂજી સ્વર સંભળાયો : ''બોલ ભટ્રીજા – જો કે માઢં તો કોઈ ભાઈબેન નથી !''

''મારે આપને બેબસન વિષે અગત્યની બાતમી આપવી છે,'' મેં કહ્યું.

''શું ?'' એકાએક સામેનો સાદ ગંભીર બનેલો જણાયો.

''બેબસનના સાથીદારોએ સોનાથી ભરેલ બેગો કોઈ મોટુમલની ટોળકીના કાળુ કાઠિયાવાડી અને ઝુલ્ફી નામના શખ્સોને ઘોઘા–ભાવગનર વચ્ચેના દરિયાકાંઠે સોંપેલ છે. આ બંને ગઠિયા તે આજના પ્લેઈનમાં અહીંથી મુંબઈ લઈ જનાર છે.''

''પન તું કોન છે ? તારો એ લોકો સાથે શું સંબંધ છે ? જાન્યું ?'' હોરમસજીએ પ્રશ્નોની ઝડી વરસાવી.

મેં તેમના પહેલા પ્રશ્નનો ઉત્તર ઉડાવતા કહ્યું : ''હું આ લોકોને ઓળખતો નથી. ફકત તેમની વાતચીત સાંભળી છે. બેબસને કોઈ મોટું ષડયંત્ર રચ્યું હોય તેમ જણાય છે પણ તે વિષે હું બીજી વાર ફોન કરીશ. અત્યારે તો તમે કાળુ–ઝુલ્ફીને તાત્કાલિક ગિરફતાર કરો એ જ મહત્ત્વનું છે.''

''જો ડીકરા, એ લોકો ભલતા નામે પણ ટ્રાવેલ કરતા હોય, આય તારા ફોન કોલ પરથી બધા પેસેન્જરોને હેરાન કરવા. એના કરતા મારી એક સલ્લાહ માન. તુજ અબ્બી કે અબ્બી અહીં હાજર થઈ જા. અને બધ્ધી વાત મને ડીટેઈલમાં સમજાવ, જેથી પ્રોપર એકશન લઈ શકાય.''

''સોરી અંકલ. અંગત કારણોસર મારાથી રૂબરૂ હાજર થયાનું શકય નથી,'' મેં કહ્યું પછી એકાએક યાદ આવતા ઉમેર્યુ '' તમારે બધા પેસેન્જરોને પરેશાન નહિ કરવા પડે.

# વાર્તા : ભોલુનો ભમરડો અને ચંપાની ચકરડી

એક હતો ભમરડો. ભોલુનો ભમરડો. આખો દિવસ એક જગ્યાએ પડ્યો રહે. જયારે એને ભોલુ ચલાવે ત્યારે ગોળગોળ ફરે અને ફરતો રહે. ફરી ફરીને થાકી જાય તો પાછો આડો પડે. એક હતી ચકરડી. ચંપાની ચકરડી. આખો દિવસ એ પણ એક જગ્યાએ પડી રહે. ચંપા નવરી પડે ત્યારે તેને ચલાવે. ચકરડી પણ ભમરડાની જેમ ગોળગોળ ફરે.




ભોલુ અને ચંપા ભાઈ–બહેન હતાં. એક દિવસ બંને ઘરની બહાર આવ્યાં. બહારના મેદાનમાં ભોલુએ ભમરડાને અને ચંપાએ ચકરડીને ફરતાં મૂક્યાં.

ભમરડો કહે, 'ચકરડી બહેન, આજે આપણે બેઉ સાથે–સાથે ફરીએ છીએ.'

ચકરડી કહે, 'એવું તો ક્યારેક જ બને છે. આપણી સાથે રમવાના આ ભાઈ–બહેનના સમય જ જુદા હોય છે.'ભમરડો કહે, 'એક વાત કહું ? ફરતાં–ફરતાં મને ઘણી વાર ચક્કર આવે છે. તને ?'

ચકરડી કહે, 'હા, મને પણ ચક્કર આવે છે.'

ભમરડો કહે, 'બીજી વાત કહું ? મને આમ ગોળ–ગોળ ફરવાનું ગમતું નથી.'

ચકરડી કહે, 'ભાઈ, એ જ તો આપણું કામ છે. એ કામ માટે જ તો આપણને બનાવવામાં આવ્યાં છે.'

ભમરડો કહે, 'જો ને આપણે માણસ કે પ્રાણીની જેમ ચાલી શકતાં નથી. ચાલી શકીએ તો અહીંથી બીજી જગ્યાએ પણ જઈ શકીએ. ફરતાં–ફરતાં આપણે એક પગ પર જ ઊભાં હોઈએ છીએ. એક પગે ઊભાં રહીને આપણે ગોળ ગોળ ફરતા રહીએ છીએ. ચકરડી કહે, 'એ બાબતમાં આપણે બેઉ સરખાં છીએ. બીજો પગ હોય તો કદાચ આપણે ચાલી શકીએ.'

'પણ તો ફરી ન શકીએ !'

'હા, એ વાત છે.'

'ફરવા માટે આપણો આ એક–એક પગ બરાબર છે.'

ચકરડી કહે, 'તને હાથ વડે ફેરવવામાં આવે છે ને ?'ભમરડો કહે, 'ના બહેન, મારા માથા ઉપર દોરી વીંટાળીને જોરથી મને જમીન પર પછાડવામાં આવે છે.' ચકરડી કહે, 'મને ફેરવવા માટે દોરીની જરૂર પડતી નથી. એ બાબતમાં હું નસીબદાર છું. મને તો ચંપા પોતાની આંગળીઓથી ફેરવે છે. તારી જેમ મને ઉપરથી પછાડવામાં આવતી નથી.' ભમરડો કહે, 'આપણે બેઉ કેટલા સમયથી આ બે ભાઈ બહેન પાસે છીએ ?' ચકરડી કહે, 'આપણે મજબૂત લાકડામાંથી બનેલાં છીએ એટલે આટલા સમય સુધી ટકી રહ્યાં છીએ. આપણે બીજાં રમકડાં કરતાં વધારે મજબૂત છીએ.'

ચકરડી કહે, 'જો ને, થોડા સમય પહેલાં ભોલુ અને ચંપા માટે એમના પિતાજી ઈલેકટ્રોનિક રમકડાં પણ લાવ્યા હતા. પછી તો તને ખબર છે ને કે શું થયું હતું?'ભમરડો કહે, 'એક દિવસમાં જ પેલો ભમરડો અને પેલી ચકરડી દીવાલ સાથે અથડાઈને તૂટી ગયાં હતાં.' ચકરડી કહે, 'પછી તો આપણો જાણે વટ પડી ગયો છે. હવે તો ભોલુ અને ચંપા આપણને છોડતાં જ નથી.'ભમરડો કહે, 'પણ એક વાતનું દુ:ખ છે.' 'કઈ વાતનું ?'' આપણા રંગ ઊડી ગયા છે તો પણ આ ભોલુ અને ચંપા કંઈ કરતાં નથી.''એ તો ઊલટાનું સારૂ કહેવાય. જો આપણા આ ઊડી ગયેલા રંગ તરફ બેઉનું ધ્યાન જશે તો આપણને કચરાની ટોપલીમાં ફેંકી દેશે અને આપણી જગ્યાએ બીજા રંગબેરંગી રમકડાં લાવશે.'

'હા, એ વાત ખરી.'

'એટલે આપણે જેવાં છીએ, તે બરાબર છીએ.'ભમરડો અને ચકરડી વાતો કરી રહ્યાં હતાં ત્યારે ભોલુ અને ચંપા આવી ગયાં. બંનેએ પોતપોતાનાં રમકડાં હાથમાં લીધાં. ભોલુનું અચાનક ભમરડા તરફ ધ્યાન ગયું, 'અરે! મારો ભમરડો તો હવે જૂનો થવા લાગ્યો છે.'

ચંપાએ પણ ચકરડી તરફ જોતાં કહ્યું, 'મારી ચકરડી પણ જૂની થઈ ગઈ છે.'

'તો પછી આપણે રમવા માટે બીજું કંઈ લાવીએ ?'

'ના, ના, એના બદલે બીજું એક કામ કરીએ.'

ભોલુએ કહ્યું, 'કાલે ધૂળેટી છે. આપણે બજારે જઈએ અને ત્યાંથી રંગ લઈ આવીએ અને જુદા–જુદા રંગોથી આપણે ભમરડાને અને ચકરડીને રંગી નાખીએ. પછી આમને ફેરવતાં આપણને બહુ મજા આવશે.ભોલુ અને ચંપાની આ વાત સાંભળીને ભમરડો અને ચકરડી ખુશ થવા લાગ્યાં.

ભમરડો કહેવા લાગ્યો, ' હવે આપણને ફરવામાં વધારે મજા આવશે. આપણે બેઉ નવાં જ લાગીશું.' ચકરડી કહેવા લાગી, 'આપણને આ બાળકો માટે જ બનાવવામાં આવ્યાં છે. બાળકો આપણને જોઈને અને આપણી સાથે રમીને ખુશ થાય છે. બીજું આપણને શું જોઈએ! બાળકો ખુશ તો આપણે ખુશ !


# આ મારું ચિત્ર છે





વાળા સ્નેહા કનુભાઈ
( ધોરણ–૧, ટીંબલા પ્રા.શાળા–અમરેલી)




સુરાણીયા નીરાલી ચંદુભાઈ
(ધો.૪, ટીંબા પ્રા.શાળા )




ધાધલ કુપાલી શિવરાજભાઈ
(ધોરણ–૪, શ્રી રૂપાયતન પ્રા.શાળા)




ચાંદુ હેત્વી મિલનભાઈ
( ધોરણ–૪, પ્રાથમિક શાળા ટીંબલા)

# લાપાળિયામાં જાણીતા સંતો, કથાકારોના હસ્તે રામ મંદિરનો પ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન










અમરેલીના લાપાળિયા ગામે મોરારીબાપુ અને કથાકાર જિજ્ઞેશ દાદાના હસ્તે રામજી મંદિરમાં રામ દરબારની પુન પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. આ પ્રસંગે સંતો, મહંતો અને રાજકીય મહાનુભાવોએ ઉપસ્થિત રહીને આશીર્વચન પાઠવ્યા હતા. મોરારી બાપુએ જણાવ્યું કે, આ મંદિરના નિર્માણમાં એક સમાધિ પુરૂષનો સંકલ્પ હતો. તેનું નામ છે હરિરામ બાપુ. અયોધ્યાના રામ મંદિર ઉપર શીખરનો કળશ હજુ ચડયો નહોતો પણ આગળના દિવસે એ કળશ ચડી ચૂકયો છે, ધ્વના ફરકી ચૂકી છે એ ધ્વજાની છાયામાં લાપાળિયામાં રામજી મંદિરની ધ્વજા ફરકી છે તે અદભુત સંયોગ છે. ગઢડાના જાદવ બાપા એમ કહેતા કે બીજે બધે પાણીના ટેન્કરો મોકલજો પણ ગામના અવેડા ભરજો. રામજી મંદિર હોય, કૃષ્ણ મંદિર હોય, મા દુર્ગાનું મંદિર હોય તેનો જીર્ણોદાર થવો જોઈએ. તેના દર્શને જજો. દશનામી સાધુ હોય, રામાનંદી સાધુ હોય, અતીત હોય કે બ્રાહ્મણ હોય એનું ખોરડું ગામમાં હોય તો એ સુકૃત છે. જે દેશમાં તમામ પ્રકારનો દુરાચાર કરનારાને પણ રોટલો મળતો ત્યારે દયા પ્રભુની કહીને કોઈ બ્રાહ્મણ આંગણે ઊભો રહે, શિવમંત્ર કહીને કોઈ દશનામી સાધુ આંગણે ઊભો રહે અને એને રોટલો ન મળે એવું કોઈ દિવસ બન્યું નથી. એણે રોટલા સમાજને આપ્યા છે. આ લોકોનું ધ્યાન રાખવા સંતોની જે ચિંતા છે તે ગામની ફરજ છે. ગામમાં બ્રાહ્મણનું ઘર હોય, દશનામીનું ઘર હોય, રામાનંદી સાધુનું ઘર હોય અને મારા વૈષ્ણવ સાધુનું ઘર હોય તો એનું જતન કરજો. એને સાચવજો. એની રખવાળી તો રામ કરે છે પણ આપણે ચૂકી ન જઈએ. તેમણે લાપાળિયા ગામના ખીજડા નીચે વર્ષોથી બેસવા માટે આવવાના અને ખેતરમાં બેસીને આરામ કરવાના સંસ્મરણો પણ વાગોળ્યા હતા. તેમણે ખેતરમાં બેસીને આરામ કરવા સંસ્મરણો પણ વાગોળ્યા હતા. તેમણે મંદિરોને જાગતા રાખવા માટે જુદા જુદા ઉત્સવો ઊજવવાનું પણ કહ્યું હતું. કોઈપણ ગામમાં પચ દેવમાંથી મંદિર બનતું હોય તો તલગાજરડા ધામ તરફથી તુલસીપત્ર રૂપે રકમ આપવામાં આવશે તેવી પણ આ જાહેરાત કરી હતી. લાપાળિયામાં પણ મંદિર માટે પૈસા તેમણે આપ્યા હતા અને તેમાંથી આવું ભવ્ય મંદિર બનશે તેવી કલ્પના નહોતી. આ તો ભવ્ય બનાવ્યું હતું. જાણીતા કથાકાર જીજ્ઞેશ દાદાએ જણાવ્યું કે, આ મંદિરના નિર્માણમાં સૌથી પહેલું તુલસીપત્ર મોરારીબાપુએ અર્પણ કર્યુ છે. સત્સંગથી માણસનું જીવન ધન્ય થાય છે. રામ ચરિત માનસમાં કૈકેયીના પ્રસંગમાંથી કુસંગથી જીવન બરબાદ થઈ જાય તેમ કહીને સત્સંગનું પણ મહત્વ સમજાવ્યું હતું સાવરકુંડલા માનવ મંદિરના ભકતીરામ બાપુએ જણાવ્યું કે, ગામે ગામ ચોરા સરખા થાય તે માટે અમે મુહિમ ચલાવીએ છીએ. મંદિરનો ખાલી જીર્ણોદ્ધા જ નહીં પણ મેન્ટેઈન્સ ગોઠવજો. જેટલી રિસ્પેકટ ભગવાનને આપો જો તેટલી જ રિસ્પેકટ એના પૂજારીને આપો. તમે જાઓ ને એમ કહો કે એ મહારાજ વાળતા નથી. તો વાળવા વાળો રાખ્યો છે ? કરોડો કરોડોના મંદિરો થાય છે. પણ પૂજારીની આજીવિકા માટે શું ? એને પણ તમારી જેમ જીવન ધોરણ ઊંચુ લઈ જવું છે. આજીવીકા નહીં હોય તો મંદિરો મૂકી મૂકીને જતા રહેશે. ગામ લોકો એવો પણ સંકલ્પ કરે કે રોજ સાંજે મંદિરે દર્શને જશે. જાનકી દાસ બાપુએ કહ્યું કે મોરારી બાપુને વિચાર સ્ફૂર્યો ને તેની સ્થિતિ જોઈ અને તેમાંથી આ વિશાળ મંદિર બન્યું છે. આ કાર્યક્રમમાં ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી, કલાકાર કિર્તીદાન ગઢવી, પૂજારી ધર્મેશબાપુ ગોંડલીગા, ગજ્ઞના આચાર્ય નરેશ દાદા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલીમાં રૂપિયા ૧૧૯૩ લાખનાં**

કાર્યકરોતથાનાગરિકોએમોટીસંખ્યામાં હાજરીઆપીહતી.

ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાએ પોતાના સંબોધનમાં કહ્યું કે, આવતીકાલનું સ્માર્ટ અમરેલી આજે આ ખાતમુહૂર્ત સાથે ઘડી રહ્યું છે. શહેરને સુવિધાસભર અને પ્રાકૃતિક રીતે આકર્ષક બનાવવાના ઉદ્દેશ સાથે દરેક કામ સમયસર અને ગુણવત્તાપૂર્વક પૂર્ણ કરાશે.

આ સમગ્ર કાર્યક્રમ શહેરના સર્વાંગી વિકાસની દિશામાં એક મજબૂત અને આશાવાદી પગલું સાબિત થશે તેવું સાંસ્કૃતિક અને સામાજિક વર્તુળોમાં મનાય છે.

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(મજ્જી),ચક્કરગઢ રોડ, અમરેલી -Ad 025

સંકુલ ધો. ૧૧ પ્રવેશ – A1 A2 ગ્રેડને ફી રાહત
સંકુલ ધો. ૧૨ રીઝલ્ટ – A1 A2 ગ્રેડને ફી પરત

* ધો. ૧૧ આર્ટસ કોમર્સ સાયંસ માં પ્રવેશ લેનાર ધો. ૧૦ A1 ગ્રેડને ધો. ૧૧–૧૨ બન્ને વર્ષ 50% ફી રાહત – A2 ગ્રેડને 25%
* ધો. ૧૨ આર્ટસ કોમર્સ સાયંસ માં A1 ગ્રેડ લાવનારને ધો. ૧૧–૧૨ બન્ને વર્ષની ભરેલ ફી 50% પરત – A2 ગ્રેડને 25% (સંકુલ કોલેજ પ્રવેશ લેનારને)
* KG ટુ PG – સંકુલ ઓછી ફી – સારૂ શિક્ષણ – સારી વ્યવસ્થા – ઉચ્ચ પરિણામ

## મામલતદાર અને તાલુકા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, બાબરા

જન્મ/મરણ પરચુરણ અરજી. નં. ૫૯ /૨૫
તા.૦૫/૦૫/૨૫

**વિવાદી :** શ્રી મગનભાઈ પરબતભાઈ શીયાણી
સરનામું : રહે. વાંડળીયા, તા. બાબરા, જિ. અમરેલી.

:: **વિરૂધ્ધ** ::

**પ્રતિવિવાદી :** તલાટી કમ મંત્રીશ્રી, વાંડળીયા ગ્રામ પંચાયત, વાંડળીયા તા. બાબરા

**–: જાહેર નોટીસ :–**

**(જન્મનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતા સર્વેને આ નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **બાબરા** તાલુકાના **મોજે વાંડળીયા** ગામના રહીશ આ કામના અરજદાર **શ્રી મગનભાઈ પરબતભાઈ શીયાણી નો જન્મ તા. ૧૨/૦૬/૧૯૬૯ના રોજ મોજે. વાંડળીયા, તા.બાબરા, જિ.અમરેલી** મુકામે થયેલ હોય જે તે સમયે તેના **જન્મ**ની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી **જન્મ**ની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં **તા.૨૪/૦૨/૨૦૨૫** ના રોજ અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ **જન્મ નોંધ** દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધા હરકત સરખુ હોય તો તેમને જાતે અથવા તેમના મુખ્યત્યાર અથવા વકીલ મારફત **અત્રેની કોર્ટની તારીખ ૦૫/૦૫/૨૦૨૫ ના રોજ બપોરના ૧૨:૦૦ કલાકે** વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**તાલુકા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અને મામલતદાર બાબરા**

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૦૦ | ૧૦૧૧ |
| ૨ | શીંગ મોટી | ૭૦૦ | ૧૦૧૮ |
| ૩ | શિંગાદાણા ફાડા | ૮૮૦ | ૧૩૧૫ |
| ૪ | તલ સફેદ | ૧૨૦૦ | ૨૦૩૦ |
| ૫ | તલ કાળા | ૨૨૦૦ | ૫૦૯૦ |
| ૬ | તલ કાશ્મીરી | ૧૬૦૦ | ૨૦૭૦ |
| ૭ | બાજરો | ૩૩૦ | ૩૩૦ |
| ૮ | જુવાર | ૩૧૫ | ૫૪૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૩૩૦ | ૫૮૫ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૩૩ | ૫૩૩ |
| ૧૧ | અડદ | ૬૨૦ | ૧૧૨૫ |
| ૧૨ | ચણા | ૭૦૦ | ૧૦૭૨ |
| ૧૩ | ચણા દેશી | ૧૦૬૦ | ૧૧૩૦ |
| ૧૪ | ચણા સફેદ | ૧૦૨૫ | ૧૧૩૦ |
| ૧૫ | તુવેર | ૮૫૦ | ૧૩૪૫ |
| ૧૬ | એરંડા | ૧૧૨૭ | ૧૧૭૦ |
| ૧૭ | ધાણી | ૧૫૩૫ | ૧૫૩૫ |
| ૧૮ | સોયાબીન | ૭૯૫ | ૮૦૫ |
| ૧૯ | મરચા લાંબા | ૨૨૦ | ૨૦૮૦ |

## જોટવા પરિવારના લાડકવાયા દિકરા ''શિવ''નો આજે ૧૦મો જન્મદિવસ

અમરેલી, તા.૨

વડિયામાં વસવાટ કરતા યુવા પત્રકાર અને શિક્ષણ એવા ડો. કિરીટભાઈ જોટવાના લાડકવાયા દિકરા શિવનો જન્મ તારીખ ૩/૫/૨૦૨૫ના રોજ થયો હતો. આજે તે પોતાના જીવનના નવ વર્ષ પૂર્ણ કરી દસમાં વર્ષમાં મંગલ પ્રવેશ કરે છે. આજે તેમના જન્મદિવસ નિમિતે તે ભવિષ્યમાં સંસ્કારીતા, શોર્યતા, નીડરતા અને કર્તવ્ય નિષ્ઠા જેવા ગુણો વિકસાવે અને ભવિષ્યમાં ઉત્તમ નાગરિક બની માતૃભૂમિને ઉપયોગી બને તેવી ઈષ્ટદેવ



દ્વારકાધીશ અને માં મોગલને પ્રાર્થના સાથે લાડકવાયા શિવને જન્મદિવસની હાર્દિક શુભકામના.

## અવસાન નોંધ

**ચલાલા :** મહેશકુમાર મનસુખલાલ પુરોહિત (ઉ.વ. ૮૦) તે તુષારભાઈ, ચેતનભાઈ અને પારૂલબેનનાં પિતાજીનું અવસાન થયેલ છે.

સદ્ગતનું બેસણું તા. ૩/૫/૨૫ ને શનિવારે સાંજે ૪ થી ૬ ભીમનાથ મહાદેવ મંદિર, ચલાલા ખાતે રાખેલ છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૪૦ | ૧૫૬૦ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૨૫૦ | ૧૪૦૦ |
| ૩ | મગફળી | ૯૮૧ | ૧૦૦૯ |
| ૪ | જીરૂ | ૩૮૫૫ | ૪૧૬૫ |
| ૫ | ઘઉં | ૪૬૮ | ૫૧૨ |
| ૬ | ધાણા | ૧૨૧૦ | ૧૫૩૦ |
| ૭ | ચણા | ૧૦૪૯ | ૧૦૮૧ |
| ૮ | એરંડા | ૧૦૭૫ | ૧૧૩૫ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૯૭૦ | ૧૦૧૨ |
| ૨ | શીંગ મોટી | ૧૦૦૦ | ૧૦૪૧ |
| ૩ | શીંગ ગીરનાર | ૧૦૫૦ | ૧૧૮૧ |
| ૪ | શીંગ નવી | ૧૧૩૦ | ૧૨૦૦ |
| ૫ | તલ સફેદ | ૧૭૦૦ | ૧૯૮૫ |
| ૬ | તલ કાળા | ૪૦૦૦ | ૪૮૦૦ |
| ૭ | જીરૂ | ૩૮૦૦ | ૪૩૧૦ |
| ૮ | કપાસ | ૧૩૦૦ | ૧૫૦૪ |
| ૯ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૫૦ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૯૬ |
| ૧૧ | બાજરો | ૫૦૦ | ૬૦૦ |
| ૧૨ | જુવાર | ૬૦૦ | ૭૫૧ |
| ૧૩ | અજમા | ૧૧૦૦ | ૧૪૦૦ |
| ૧૪ | અડદ | ૧૦૦૦ | ૧૨૦૬ |
| ૧૫ | ચણા | ૧૦૬૦ | ૧૦૮૦ |
| ૧૬ | દેશી ચણા | ૧૧૧૧ | ૧૨૪૪ |
| ૧૮ | તુવેર | ૧૧૦૦ | ૧૩૭૦ |
| ૧૮ | એરંડી | ૧૦૫૦ | ૧૧૬૦ |
| ૧૯ | મેથી | ૮૫૦ | ૧૦૮૦ |
| ૨૦ | ધાણા | ૧૧૦૦ | ૧૪૮૦ |
| ૨૧ | સોયાબીન | ૭૦૦ | ૭૬૦ |

## જાહેર નોટિસ

**// મામલતદાર અને એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ વડીયાની કોર્ટમાં //**

**અરજદારશ્રી :** શ્રી નાનજીભાઈ હરિભાઈ આસોદરીયા, રે.મોટી કુંકાવાવ, તા.વડીયા, જિ. અમરેલી — નં.જન્મ–મરણ નોંધણી/અરજી નં.૧૪/૨૦૨૫

**એડવોકેટ યોગેશ ડી. દવે, મો.૯૪૨૬૩ ૯૮૯૬૦**

**// વિરૂધ્ધ //**

**સામાવાળા :** ૧. તલાટી કમ મંત્રીશ્રી, મોટી કુંકાવાવ, તા.વડીયા

**જન્મ–મરણ નોંધણી અધિનિયમ–૧૯૬૯ની કલમ–૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટિસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, **અરજદારશ્રીની ભત્રીજી મુકતાબેન શંભુભાઈ આસોદરીયાનો જન્મ તા.૦૧/૦૧/૧૯૬૪ ના રોજ મુ. મોટી કુંકાવાવ, તા. વડીયા, જી. અમરેલી** મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટિસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન–૩૦ માં પોતે અથવા વકીલ મારફતે **મામલતદાર અને એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટની કચેરી વડીયા** ખાતે જરૂરી આધારા – પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા. ૧૭/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કો કરી આપ્યા.

સિક્કો

**મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટ**
**વડીયા**

## :: જાહેર નોટિસ ::

આથી હું નીચે સહી કરનાર શ્રી **વિમલ પી. પોપટ (એડવોકેટ)** અમરેલીનાં તે અમારા અસીલ **ધવલકુમાર બીપીનચંદ્ર જીવાણી,** રહે.અમરેલી, તા.અમરેલી, જિ.અમરેલી વાળાની મળેલ સુચના અને ફરમાઈસ અનુસાર આ જાહેર નોટીસ આપી જણાવવાનું થાય છે કે,

અમારા અસીલો કે જેઓ અમરેલી જીલ્લાના અમરેલી તાલુકાનાં અમરેલી ગામે રહે છે અને તેઓએ અમરેલી જિલ્લાના અમરેલી તાલુકાના અમરેલી ગામે રેવન્યુ સર્વે નં. ૩૩૧ પૈકી માં આવેલ પ્લોટ નં. ૭૯ પૈકી, જેનું ક્ષેત્રફળ ૬૦–૦૦ ચો.મી. વાળી મિલ્કત ધરાવે છે. તેનો ઉતરોતર રજી. વેચાણ દસ્તાવેજ નં.૧૯૧૯, તા.૦૩/૧૦/૨૦૦૧ થી જે મનહરલાલ છોટાલાલ લશ્કરીના કુ.મુ. ધીરજલાલ ખીમજીભાઈ રૈયાણી પાસેથી રેખાબેન ભરતભાઈ કાબરીયાએ ખરીદ કરેલ તે દસ્તાવેજની અસલપ્રત હાલ અમારા અસીલ કે તેઓને મિલ્કત વેચનાર પાસે હાલ ઉપલબ્ધ ન હોય, અને ઉતરોતર દસ્તાવેજ શોધખોળ કરવા છતાં અમોના અસીલ પાસેથી હાલ મળી આવેલ નથી. આ દસ્તાવેજો જો કોઈના કબજા હેઠળ રહેલો હોય અગર તો આ દસ્તાવેજનો આધાર રાખી કોઈ ત્રાહીત ઈસમે વ્યકિત, સંસ્થા કે મંડળી અગર તો બેંકે તેના ઉપર તારણ ઉપસ્થિત કરેલ હોય અગર તો ઉપરોકત વિગતવાળી મિલ્કત પરત્વે કોઈપણ ઈસમને કંઈપણ પ્રકારનો લાગભાગ – હકક–હિત કે હિસ્સો ધરાવતા હોય અગર તો આ મિલ્કત ઉપર તારણ ઉપસ્થિત કરવા સંબંધે કોઈપણ ઈસમને વાંધો, તકરાર કે વચકો રહેલો હોય તો તેઓએ **દિન–૭** માં નીચેનાં સરનામે લેખીતમાં જણાવશો અન્યથા આ મિલ્કત સંપુર્ણ ટાઈટલ કલીયર કબજા ભોગવટા સાથેની હોવાની માની અમારા અસીલ આ મિલ્કત સંબંધેનો આગળનો વ્યવહાર કરશે અને કોઈનો વાંધો તકરાર કે હરકત રહેલ નથી તેમ માની અગર તો તેઓએ વેવ કરેલ છે તેમ માની આગળની કાર્યવાહી કરશે જેથી આ નોટીસ પ્રસિધ્ધ થયાનાં મુદત સમય બાદ કોઈપણ ઈસમનો વાંધો, તકરાર કે હરકત ગ્રાહય રાખવામાં આવશે નહીં તેની જાહેર જનતાએ નોંધ લેવી.

**વિમલ પી. પોપટ,** એડવોકેટ
સેવાસદન થી સીવીલ હોસ્પિટલ રોડ, જીલ્લા પંચાયત ઓફીસ પાછળ, અમરેલી – ૩૬૫૬૦૧
મો.નં.: ૯૪૨૮૭ ૯૩૪૨૦

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૪૭૮ |
| ૨ | ઘઉં લોકવન | ૩૦૦ | ૪૮૦ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૭૨ | ૫૦૮ |
| ૪ | ચણા | ૭૦૦ | ૧૦૫૬ |
| ૫ | મેથી | ૭૫૦ | ૭૬૦ |
| ૬ | ધાણા | ૮૧૦ | ૧૨૪૨ |
| ૭ | રાયડો | ૮૬૦ | ૮૬૦ |
| ૮ | મગફળી | ૭૬૦ | ૮૫૦ |
| ૯ | એરંડા | ૯૪૫ | ૯૪૫ |
| ૧૦ | તુવેર | ૧૧૦૦ | ૧૧૯૫ |
| ૧૧ | શીંગદાણા | ૧૧૬૦ | ૧૨૦૦ |
| ૧૨ | સોયાબીન | ૫૩૬ | ૭૯૧ |
| ૧૩ | જીરૂ | ૨૩૧૦ | ૪૨૦૦ |
| ૧૪ | રાય | ૧૦૫૦ | ૧૧૫૦ |
| ૧૫ | ચણા સફેદ | ૧૦૧૨ | ૧૦૪૦ |

## જાહેર નોટિસ

આથી હું સહી કરનાર **શ્રી સુરેશકુમાર એ. રાઠોડ,** એડવોકટ, બગસરા તે લાગતા વળગતા તથા જાહેર જનતા જોગ આ જાહેર નોટિસથી જાણ કરી જણાવીએ છીએ કે, અમરેલી જિલ્લાના કુંકાવાવ–વડિયા તાલુકાના ગામ ''નાજાપુર'' ગામના ખાતા નં. ૪૭૪ રે. સર્વે નંબર ૨૧૬ પૈકી૧/પૈકી૧ હે.૧–૫૩–૭૮ આરે.ચો.મી.વાળી જુની શરતની ખેડવા લાયક ખેતીની જમીન જે શ્રી અનીતાબેન કેશવભાઈ રાદડીયા, વિશાલભાઈ છગનભાઈ ઢેબરીયા, દર્શનાબેન છગનભાઈ ઢેબરીયા, રહે. નાજાપુરની સ્વતંત્ર કબ્જા ભોગવટાની અને માલિકીની આવેલી છે જે ખેતીની જમીન અમારા અસીલો તેમની પાસેથી ખરીદવા માંગે છે.

સબબ આથી આ જાહેર નોટિસથી લાગતા વળગતા તેમજ હિત ધરાવતા તમામ તથા જાહેર જનતા જોગ આ જાહેર નોટિસ થકી જાણ કરવાની કે સદરહુ ખેતીની જમીન સબંધે કોઈ વ્યકિત, સંસ્થા, પેઢી કે કોઈપણ વિગતે હકક, અધિકાર, રાઈટસ, માલિકી હોય કે આ મિલ્કત ઉપર અન્ય કોઈપણ વ્યકિત, સંસ્થા કે બેંકનું કરજ, બોજો, લેણું, ધિરાણ, લોન કે ભરણ પોષણ, વારસાઈ, ભાગીદારી, ભાઈઓ ભાગ કે કોઈ સોદાખત, મુખત્યારનામું કે કોઈપણ પ્રકારના અગ્રહકક કે લખાણો હોય કે કબ્જા હકક હોઈ તો તે સંબંધે તેમના લેખિત આધાર પુરાવા સાથે આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન ૮ (આઠ)માં નીચે સરનામે જાણ કરવી અન્યથા મુદત વીતેથી સદરહું મિલ્કત પરત્વે કોઈનો કોઈપણ જાતનો વાંધો, તકરાર, હકક, હિસ્સો કે લાગભાગ નથી અને હોય તો પણ તે જતો કરેલ છે.

તેમ માની લઈ ઉપર દર્શાવેલ મિલ્કતના માલિકો ધોરણસરનો રજીસ્ટર વેચાણ દસ્તાવેજ જમીન એકઝીકયુટ કરાવી લેશે અને વિધિવત રીતે જમીનનો કબજો મેળવી લેશે અને ત્યારબાદ કોઈપણ વાંધા, તકરાર, અમારા અસીલ કે તેમણે ખરીદ કરેલ મિલ્કતને કોઈપણ વિગતે બંધનકર્તા રહેશે નહીં. તેની લાગતા વળગતા તથા જાહેર જનતાએ નોંધ લેવી. તા. ૦૨/૦૫/૨૦૨૫ અસીલની સુચના અને ફરમાઈશથી.

**સ્થળ : બગસરા**
**તારીખ : ૦૨/૦૫/૨૦૨૫**
**અમારા મારફત**

**સુરેશકુમાર એ. રાઠોડ** એડવોકેટ
જુની નગરપાલિકા કચેરી પાસે, થાણા રોડ, બગસરા
મો. નં. ૯૪૨૬૯ ૪૦૮૬૮/ ૯૩૨૮૦ ૪૧૮૮૦

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૭૬ | ૧૫૩૩ |
| ૨ | ચણા | ૧૦૨૬ | ૧૦૬૧ |
| ૩ | સોયાબીન | ૭૦૦ | ૮૦૦ |
| ૪ | તુવેર | ૧૧૫૧ | ૧૨૦૦ |
| ૫ | ઘઉં | ૫૨૨ | ૫૨૨ |
| ૬ | ધાણા | ૧૨૮૧ | ૧૨૮૧ |
| ૭ | જીરૂ | ૪૦૧૦ | ૪૦૧૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૫૦ | ૯૯૮ |
| ૨ | તલ પીળા | ૧૮૫૦ | ૧૮૫૦ |
| ૩ | કપાસ | ૧૧૫૧ | ૧૫૦૬ |
| ૪ | બાજરો | ૪૧૫ | ૫૫૨ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૮૩ | ૫૭૨ |
| ૬ | જુવાર | ૬૦૦ | ૭૯૦ |
| ૭ | તુવેર | ૧૨૫૧ | ૧૨૫૧ |
| ૮ | ચણા | ૯૨૦ | ૧૦૬૫ |
| ૯ | જીરૂ | ૩૭૦૦ | ૩૭૦૧ |
| ૧૦ | રાય | ૯૧૦ | ૧૧૬૦ |
| ૧૧ | ધાણા | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૧૨ | સોયાબીન | ૭૭૧ | ૭૯૦ |
| ૧૩ | તકમરીયા | ૪૦૦૧ | ૪૦૦૧ |
| ૧૪ | અજમા | ૧૬૦૦ | ૧૬૦૦ |

### એનઆઈએએ કરેલો દાવો

# પહલગામમાં હુમલો કરતાં પહેલા આતંકીઓએ ISIનો કોન્ટેક્ટ કર્યો હતો

## આતંકવાદીઓ દ્વારા ઉપયોગમાં લેવાતા સેટેલાઇટ ફોનની વિગતો એકત્રિત કરવા માટે વિદેશી નિષ્ણાતોની મદદ લેવાઈ

નવી દિલ્હી, તા.૨

પહલગામ હત્યાકાંડનું ષડયંત્ર અને તેમાં પાકિસ્તાનની ભૂમિકાનો સંપૂર્ણ પર્દાફાશ કરવા માટે સુરક્ષા અને તપાસ એજન્સીઓ શક્ય હોય ત્યાં સુધી હુમલામાં સામેલ આતંકવાદીઓને જીવતા પકડવા પર ભાર મૂકી રહી છે. આ દરમિયાન **NIA(NIA Investigating Pahalgam Terror Attack)**ને અત્યાર સુધી મળેલા પુરાવાઓ અને હત્યાકાંડના પ્રત્યક્ષદર્શીઓ દ્વારા નોંધાયેલા નિવેદનો તેમજ શંકાસ્પદ અને ધરપકડ કરાયેલા ઓવરગ્રાઉન્ડ કાર્યકરોની પૂછપરછમાંથી મળેલી જાણકારીનું મૂલ્યાંકન કરવાનું શરુ કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત અત્યાર સુધી મળેલી માહિતીના આધારે એવું કહેવામાં આવી રહ્યું છે કે, હત્યાકાંડ પહેલા અને પછી આતંકવાદીઓએ પાકિસ્તાનમાં બેઠેલા તેમના હેન્ડલરોનો સંપર્ક કર્યો હતો.

આતંકવાદીઓ દ્વારા ઉપયોગમાં લેવાતા સેટેલાઈટ ફોનની વિગતો એકત્રિત કરવા માટે વિદેશી નિષ્ણાતોની પણ મદદ લેવામાં આવી રહી છે. સુરક્ષા એજન્સીઓનું માનવું છે કે, આ હુમલો લશ્કર-એ-તૈયબા દ્વારા પાકિસ્તાની ગુપ્તચર એજન્સી ISIના ઈશારે કરવામાં આવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે, ૨૨ એપ્રિલે આતંકવાદીઓએ બેસરન પહલગામ પર કરેલા હુમલામાં ૨૬ નિર્દોષ લોકો માર્યા ગયા હતા. મૃતકોમાં ૨૫ પ્રવાસીઓ અને એક સ્થાનિક ઘોડેસવારનો સમાવેશ થાય છે. લશ્કર-એ-તૈયબાના હિટ સ્ક્વોડ, રેઝિસ્ટન્સ ફ્રન્ટે (TRF) હુમલાની જવાબદારી સ્વીકારી હતી પરંતુ TRF એ પાછળથી તેનો ઈન્કાર કર્યો હતો. તપાસ એજન્સીઓએ હુમલામાં સંડોવાયેલા પાંચ આતંકવાદીઓની ઓળખ કરી છે.

આ હુમલામાં આતંકવાદી હાશિમ મૂસા સહિત ત્રણ પાકિસ્તાની અને આદિલ અને એહસાન શેખ નામના બે સ્થાનિક આતંકવાદીઓનો નામો સામે આવ્યા છે. સુરક્ષા એજન્સીઓ દ્વારા આદિલ અને એહસાનના ઘર તોડી પાડવામાં આવ્યા છે. આદિલ ૨૦૧૮માં વિઝા પર પાકિસ્તાન ગયો હતો. એક માહિતી પ્રમાણે તે બે વર્ષ પહેલાં જ પાછો ફર્યો હતો.

### પીએમ મોદીને અમેરિકાનો ફુલ સપોટ

# અમેરિકાના તાજેતરના નિવેદનથી પાકિસ્તાનમાં ગભરાટ ફેલાયો

## યુએસ પ્રવક્તા ટેમી બ્રુસે જણાવ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને ટ્રમ્પ વહીવટીતંત્ર તરફથી સંપૂર્ણ સમર્થન મળ્યું છે

વોશિંગ્ટન, તા. ૨

જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં પ્રવાસીઓ પર થયેલા આતંકવાદી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ વધી ગયો છે. દરમિયાન, યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના પ્રવક્તા ટેમી બ્રુસે કહ્યું છે કે યુએસ પીએમ મોદીને સંપૂર્ણ સમર્થન આપી રહ્યું છે. અમેરિકા દ્વારા જારી કરાયેલા આ નિવેદન બાદ પાકિસ્તાનમાં હોબાળો મચી ગયો છે. યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના પ્રવક્તા ટેમી બ્રુસે જણાવ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને ટ્રમ્પ વહીવટીતંત્ર તરફથી સંપૂર્ણ સમર્થન મળ્યું છે. તેમણે કહ્યું કે પહેલગામ આતંકવાદી હુમલા પછી તેઓ ભારત અને પાકિસ્તાનની સરકારો સાથે સતત સંપર્કમાં છે. યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના પ્રવક્તાએ કહ્યું, ''અમે નજીકથી નજર રાખી રહ્યા છીએ. ગઈકાલે, યુએસ સ્ટેટ સેક્રેટરી માર્કો રુબિયોએ ભારતીય વિદેશ મંત્રી એસ જયશંકર અને પાકિસ્તાની વડાપ્રધાન શાહબાઝ શરીફ સાથે વાત કરી હતી. જેમ કે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ગયા અઠવાડિયે પીએમ મોદીને કહ્યું હતું કે, આતંકવાદ સામેની લડાઈમાં યુનાઈટેડ સ્ટેટ્સ ભારતની સાથે મજબૂત રીતે ઉભું છે અને વડાપ્રધાન મોદીને અમારું સંપૂર્ણ સમર્થન છે.'' ટેમી બ્રુસે વધુમાં જણાવ્યું હતું કે, ''સેક્રેટરીએ બંને દેશોને એક જવાબદાર ઉકેલ તરફ કામ કરવા પ્રોત્સાહિત કર્યા જે દક્ષિણ એશિયામાં લાંબા ગાળાની શાંતિ અને પ્રાદેશિક સ્થિરતાનું નિર્માણ કરશે. જેમ મેં ઉલ્લેખ કર્યો છે, અમે ઘણા સ્તરે બંને સરકારો સાથે સંપર્કમાં છીએ.'' જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું બંને દેશો વચ્ચે તણાવ ઓછો કરવાના આહ્વાન પર ધ્યાન આપવામાં આવી રહ્યું છે? આ અંગે ટેમી બ્રુસે કહ્યું, ''અમે બંને પક્ષો પાસેથી જવાબદાર ઉકેલ શોધી રહ્યા છીએ.

અમેરિકાનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે પહેલગામ હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ સતત વધી રહ્યો છે. આ દરમિયાન પાકિસ્તાન દ્વારા સતત યુદ્ધવિરામનું ઉલ્લંઘન કરવામાં આવી રહ્યું છે. તે જ સમયે, ભારતે સરહદ પારના આતંકવાદને સમર્થન આપવા બદલ પાકિસ્તાન વિરુદ્ધ અનેક પગલાં લીધાં છે. આમાં સિંધુ જળ સંધિને સ્થગિત કરવાનો અને અટારી ખાતે સંકલિત ચેક પોસ્ટ બંધ કરવાનો સમાવેશ થાય છે. ભારતે હાઈ કમિશનની સંખ્યા ઘટાડવાનો પણ નિર્ણય લીધો છે.

### પ્રવાસીઓની મદદ કરનાર મુમતાઝનું મોટું નિવેદન

# આ કોઈ હિન્દુ કે મુસ્લિમની હત્યા નહોતી, આ માનવતાની હત્યા હતી

## મુમતાઝે જણાવ્યું કે તેમણે ૫-૬ પ્રવાસીઓને મદદ કરી, તેઓ તેમને સુરક્ષિત સ્થળે લાવ્યા અને એમ્બ્યુલન્સમાં બેસાડ્યા

પહેલગામ, તા. ૨

જમ્મુ અને કાશ્મીરના પહેલગામના બૈસરન વિસ્તારમાં તાજેતરમાં થયેલા ભયાનક આતંકવાદી હુમલામાં અનેક નિર્દોષ પ્રવાસીઓએ જીવ ગુમાવ્યા હતા. આ દુઃખદ ઘટના વચ્ચે, કેટલાક સ્થાનિક લોકોની માનવતા પણ સામે આવી, જેમણે પોતાના જીવનું જોખમ લઈને પ્રવાસીઓને મદદ કરી અને ઘણાના જીવ બચાવ્યા. આવા જ એક સ્થાનિક રહેવાસી મુમતાઝ અપ્સરે હુમલા દરમિયાન પ્રવાસીઓને મદદ કરી અને આ ઘટના અંગે એક મહત્વપૂર્ણ અને હૃદયસ્પર્શી નિવેદન આપ્યું છે.

મુમતાઝ અપ્સરે જણાવ્યું કે જ્યારે આતંકી હુમલો થયો ત્યારે તેઓ પોતાના ઘરે હતા. તેમને ગોળીબારનો અવાજ સીધો સંભળાયો ન હતો, પરંતુ તેમની બહેને તેમને હુમલા વિશે જાણ કરી. જાણ થતા જ તેઓ તાત્કાલિક પોતાના ઘરેથી ઘટનાસ્થળે પહોંચ્યા અને લોકોને મદદ કરવાનું શરૂ કર્યું.

મુમતાઝે જણાવ્યું કે હુમલા પછી ઘટનાસ્થળે પ્રવાસીઓ ખૂબ જ ડરી ગયેલા હતા અને રડી રહ્યા હતા. આ સમય દરમિયાન તેઓ મદદ માટે બૂમો પાડી રહ્યા હતા, પરંતુ ડરના માર્યા તેઓ કંઈ બોલી પણ શકતા ન હતા. મુમતાઝે જણાવ્યું કે તેમણે ૫-૬ પ્રવાસીઓને મદદ કરી. તેઓ તેમને નીચે સુરક્ષિત સ્થળે લાવ્યા અને એમ્બ્યુલન્સમાં બેસાડ્યા. તેમણે કહ્યું કે જે પણ પ્રવાસીઓ તેમને મળ્યા, તેઓ તેમને પોતાની સાથે લાવ્યા. મુમતાઝ સહિત ઘણા અન્ય સ્થાનિક લોકો પણ ત્યાં હાજર હતા, જેમણે હુમલા દરમિયાન પ્રવાસીઓને મદદ કરીને તેમને સલામત સ્થળે પહોંચાડવામાં મહત્વની ભૂમિકા ભજવી.

આ ભયાનક ઘટના અંગે મુમતાઝ અપ્સરે એક અત્યંત શક્તિશાળી અને માનવતાવાદી નિવેદન આપ્યું. તેમણે કહ્યું, "આ માનવતાની હત્યા હતી. આ કોઈ હિન્દુ કે મુસ્લિમની હત્યા નહોતી, આ માનવતાની હત્યા હતી." તેમનું આ નિવેદન આતંકવાદીઓના ધર્મના આધારે ભાગલા પાડવાના અને નફરત ફેલાવવાના મનસૂબા સામે માનવતા અને એકતાના મહત્વને ઉજાગર કરે છે. અગાઉ, હુમલામાંથી બચી ગયેલા કેટલાક પ્રવાસીઓએ પણ પોતાની આંખોએ જોયેલી ભયાનકતા વર્ણવી હતી. તેમણે જણાવ્યું હતું કે તેઓ પહેલગામમાં હતા ત્યારે અચાનક ગોળીબાર શરૂ થયો. ચારે બાજુ અંધાધૂંધી છવાઈ ગઈ હતી અને એમ્બ્યુલન્સના અવાજો ગુંજવા લાગ્યા હતા. અચાનક જ ખુશનુમા વાતાવરણ ભયાનક દ્રશ્યમાં ફેરવાઈ ગયું હતું. ત્યાંની પરિસ્થિતિ અત્યંત ભયંકર હતી, ભય અને ગભરાટથી ભરેલી હતી. બધા ખૂબ જ ડરી ગયા હતા અને જે ડર અનુભવી રહ્યા હતા તે શબ્દોમાં વ્યક્ત કરવો મુશ્કેલ હતો. પ્રવાસીઓએ એ પણ જણાવ્યું હતું કે આતંકવાદીઓએ લોકોને ગોળી મારતા પહેલા તેમના ધર્મ વિશે પૂછ્યું હતું.

પહલગામના બૈસરનમાં આતંકવાદીઓ દ્વારા ૨૬ નિર્દોષ લોકોની ક્રૂર હત્યા બાદ સમગ્ર દેશમાં ગુસ્સો પ્રવર્તી રહ્યો છે. આ આતંકવાદી ઘટનાના વિરોધમાં અને આતંકવાદીઓ સામે કડક કાર્યવાહીની માંગણી માટે દેશના વિવિધ ભાગોમાં વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે.

આવા કપરા સમયમાં, મુમતાઝ અપ્સર જેવા સ્થાનિકો દ્વારા દર્શાવવામાં આવેલી માનવતા અને તેમનું માનવતાની હત્યા અંગેનું નિવેદન એ આતંકવાદ સામે લડવામાં એકતા અને સહાનુભૂતિના મહત્વને રેખાંકિત કરે છે.

### સતત ૮મા દિવસે પાકિસ્તાનની અવળચંડાઈ

# પાકિસ્તાને જમ્મુ-કાશ્મીરના 3 વિસ્તારોમાં કર્યું આડેધડ ફાયરિંગ

જમ્મુ, તા.૨

પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ નિયંત્રણ રેખા (LoC) પર તણાવ વધી ગયો છે. પાકિસ્તાન વારંવાર યુદ્ધવિરામનું ઉલ્લંઘન કરી રહ્યું છે. પાકિસ્તાને સતત આઠમા દિવસે નિયંત્રણ રેખા (LoC) પર યુદ્ધવિરામનું ઉલ્લંઘન કર્યું છે.

૦૧ અને ૦૨ મેની રાત્રે પાકિસ્તાની સેનાએ જમ્મુ અને કાશ્મીરના કેન્દ્રશાસિત પ્રદેશના કુપવાડા, બારામુલ્લા, પૂંછ, નૌશેરા અને અખનૂર વિસ્તારોમાં નિયંત્રણ રેખા પારની ચોકીઓ પરથી નાના હથિયારોથી કોઈ ઉશ્કેરણી વિના ગોળીબાર શરૂ કર્યો.આ દરમિયાન ભારતીય જવાનોએ પાકિસ્તાનના આ નાપાક કૃત્યનો સંતુલિત અને પ્રમાણસર રીતે યોગ્ય જવાબ આપ્યો છે. અગાઉ, ૩૦ એપ્રિલ અને ૧ મેની રાત્રે, પાકિસ્તાની સેનાની ચોકીઓ પરથી જમ્મુ અને કાશ્મીરના કુપવાડા, ઉરી અને અખનૂર વિસ્તારોમાં નિયંત્રણ રેખા પર નાના હથિયારોથી કોઈ ઉશ્કેરણી વિના ગોળીબાર કરાયો હતો. પાકિસ્તાનની કાર્યવાહી બાદ ભારતીય સેનાએ યોગ્ય જવાબ આપ્યો.

### શ્રદ્ધાળુઓ પર ફૂલોનો વરસાદ

# આજથી ખૂલ્યા બાબા કેદારનાથ ધામના કપાટ

## ઉત્તરાખંડના સીએમ પુષ્કર સિંહ ધામી પણ હાજર રહ્યા, મંદિરને ૧૦૮ ક્વિંટલ ફૂલોથી શણગારવામાં આવ્યું છે

કેદારનાથ, તા.૨

ઉત્તરાખંડમાં આજથી બાબા કેદારનાથ ધામના કપાટ ખૂલી ગયા છે. કપાટ સવારે ૭ વાગ્યાથી સંપૂર્ણ વિધિ વિધાનથી ખોલવામાં આવ્યા છે. તે દરમિયાન મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામી પણ હાજર રહ્યા. આ અવસર પર ભારતીય સેનાની ગઢવાલ રાઈફલ્સના બેંડે ભક્તિ ધૂન વગાડવામાં આવી. સાથે ભક્તો પર હેલિકોપ્ટરથી ફૂલોનો વરસાદ (પુષ્પ વર્ષા) પણ કરવામાં આવ્યો. કેદારનાથ ધામના કપાટ ખુલ્યા બાદ ત્યાં સાંસ્કૃતિક કાર્યક્રમ ચાલી રહ્યા છે, જેમાં પુષ્કર સિંહ ધામી પણ હાજર છે. બાબા કેદારનાથ ધામના કપાટ ખોલતા પહેલા જ દેશ-વિદેશમાંથી ભારે સંખ્યામાં શ્રદ્ધાળુઓ અહીં પહોંચ્યા છે.

ભક્તોની રાહનો અંત આવ્યો છે, કારણ કે ઉત્તરાખંડમાં બાબા કેદારનાથ ધામના કપાટ આજથી ખુલી ગયા છે.

આજે સવારે દરવાજા ખોલવામાં આવ્યા, જ્યાં અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દરમિયાન સીએમ પુષ્કર સિંહ ધામી પણ હાજર હતા. કપાટ ખુલ્યા પછી ભક્તોનું ફૂલોથી સ્વાગત કરવામાં આવ્યું. કપાટ ખુલ્યા પછી ત્યાં સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે જેમાં ભક્તો આનંદથી નાચતા જોવા મળે છે. આના ઘણા વીડિયો સામે આવ્યા છે, જેમાં ભક્તોની ખુશી જોઈ શકાય છે. દરવાજા ખુલતા પહેલા રાજ્યમાં વરસાદને કારણે હવામાન ખુશનુમા બન્યું હતું.

કપાટ ખુલ્યા બાદ સીએમ પુષ્કર સિંહ ધામીએ ભક્તોને સંબોધિત કર્યા. આ દરમિયાન તેમણે કહ્યું કે 'ચારધામ યાત્રા ૩૦ એપ્રિલે અક્ષય તૃતીયાના અવસર પર શરૂ થઈ છે. આજથી બે દિવસ પછી ભગવાન બદ્રીનાથ વિશાલના કપાટ પણ ખુલશે. આ યાત્રા પૂરા જોશ સાથે શરૂ થશે. મુખ્યમંત્રીએ વધુમાં કહ્યું કે અમે ખાતરી આપવાનો પ્રયાસ કર્યો છે કે શ્રદ્ધાળુઓની યાત્રા સુરક્ષિત રહે અને તેમને યાત્રા દરમિયાન કોઈપણ પ્રકારની મુશ્કેલીનો સામનો ન કરવો પડે, જેના માટે અમે સંપૂર્ણ વ્યવસ્થા કરી છે.

### સ્પેશિયલ પેપર ટિકિટનું ભાડું પ્રતિ વ્યક્તિ દીઠ ૫૦ રુપિયા રહેશે

# અમદાવાદમાં યોજાનાર IPLને લઈને મેટ્રો ટ્રેનના સમયમાં ફેરફાર

## મેટ્રો ટ્રેન સેવાઓનો વર્તમાન સમય સવારે ૬:૨૦થી રાત્રે ૧૦ વાગ્યા સુધીનો છે જે રાત્રે ૧૨:૩૦ વાગ્યા સુધીના લંબાવ્યો છે

અમદાવાદ,તા.૨

અમદાવાદના નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમ ખાતે યોજાનારી IPL ૨૦૨૫ મેચને કારણે GMRCએ મેટ્રો ટ્રેનના સમયમાં ફેરફાર કરવાનો નિર્ણય લીધો છે. નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમમાં ૨ મે એટલે કે આજે અને ૧૪મી મેના રોજ યોજાનારી મેચને લઈને મેટ્રો ટ્રેન સેવાઓનો વર્તમાન સમય સવારે ૬:૨૦થી રાત્રે ૧૦ વાગ્યા સુધીનો છે. જે રાત્રે ૧૨:૩૦ વાગ્યા સુધીના લંબાવ્યો છે.અમદાવાદમાં હાલ મેટ્રો ટ્રેનનો સમય સવારે ૬.૨૦થી લઈને રાત્રિના ૧૦ વાગ્યા સુધીનો છે. પરંતુ નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમમાં યોજાનારી આઈપીએલ મેચના કારણે મુસાફરોની સંખ્યા વધી શકે છે. ત્યારે મુસાફરોને કોઈ અગવડ ન પડે તે હેતુસર રાત્રિના ૧૨.૩૦ સુધી મેટ્રો ટ્રેન ચાલુ રહેશે. જો કે આ પરત ફરતી વખતે મોટેરા સ્ટેડિયમ મેટ્રો સ્ટેશન અને સાબરમતી મેટ્રો સ્ટેશન પરથી જ મેટ્રોમાં બેસી શકાશે. મોટેરાથી એપીએમસી અને થલતેજ ગામથી વસ્ત્રાલ ગામના કોઈ પણ સ્ટેશન પર ઉતરી શકાશે. મોટેરા મેટ્રો સ્ટેશનથી છેલ્લી ટ્રેન ૧૨.૩૦ વાગ્યે ઉપડશે.

સ્પેશિયલ પેપર ટિકિટનું ભાડું પ્રતિ વ્યક્તિ દીઠ ૫૦ રુપિયા રહેશે. જો કે આ ભાડું રાત્રિના ૧૦ વાગ્યા પછી લાગુ થશે. ત્યાં સુધી નિયમિત ભાડા સાથે મુસાફરો યાત્રા કરી શકશે. રાતના ૧૦ વાગ્યા પછી મોટેરા સ્ટેડિયમ અને સાબરમતી મેટ્રો સ્ટેશનમાં પ્રવેશ કરવા માટે માત્ર સ્પેશ્યલ પેપર ટિકિટ જ માન્ય રહેશે.

### NIAએ આપી જાણકારી

# આતંકવાદી હાફિઝ સઈદનું નેટવર્ક હજુ ભારત વિરુદ્ધ સક્રિય

## આતંકવાદી હુમલા બાદ ભારત સરકાર એક્શન મોડમાં

નવી દિલ્હી, તા. ૨

પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ, ભારતમાં આતંકવાદી નેટવર્કની તપાસ અને તેને તોડી પાડવા માટે કાર્યવાહી કરવામાં આવી રહી છે. દરમિયાન, NIA એ કહ્યું કે હાફિઝ સઈદનું નેટવર્ક હજુ પણ ભારત વિરુદ્ધ કામ કરી રહ્યું છે.

પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ ભારત સરકાર એક્શન મોડમાં છે. આવી સ્થિતિમાં, આતંકવાદીઓ વિશેની દરેક માહિતીની તપાસ કરવામાં આવી રહી છે. આ અંગે, રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA) એ કોર્ટને માહિતી આપી હતી કે હાફિઝ સઈદ સાથે જોડાયેલ આતંકવાદી સંગઠન ભારત વિરુદ્ધ પોતાની પ્રવૃત્તિઓ ચાલુ રાખી રહ્યું છે. એજન્સીએ તહવ્વુર રાણાના રિમાન્ડની માંગણી કરી ત્યારે આ નિવેદન આપવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે હાફિઝ સઈદ ૨૬/૧૧ મુંબઈ આતંકવાદી હુમલાનો માસ્ટરમાઈન્ડ છે. NIA એ વધુમાં દલીલ કરી હતી કે રાણા પાસેથી ઘણી માહિતી મળી છે. આમ છતાં, મોટી સંખ્યામાં દસ્તાવેજો અને પુરાવાઓની તપાસ કરવી જરૂરી છે.

આરોપીના સ્વાસ્થ્યની સ્થિતિને ધ્યાનમાં રાખીને, એજન્સીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે પૂછપરછ માપદંડ મુજબ કરવામાં આવી રહી છે અને બચાવ પક્ષ દ્વારા દાવો કરવામાં આવ્યો છે તેમ દિવસમાં ૨૦ કલાક માટે નહીં. ફરિયાદ પક્ષે તપાસમાં રાણાના સહકારના અભાવ અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી.

દરમિયાન, કોર્ટમાં સુનાવણી દરમિયાન, કોર્ટે કહ્યું કે કેસ ડાયરીની સમીક્ષા દર્શાવે છે કે ફ્રૈંછ સંપૂર્ણ ખંતથી તપાસ કરી રહી છે. બુધવારે ખાસ NIA કોર્ટે રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA) ને ૨૬/૧૧ના માસ્ટરમાઈન્ડ તહવ્વુર રાણાના અવાજ અને હસ્તાક્ષરના નમૂના મેળવવાની મંજૂરી આપી હતી.

૨૬/૧૧ના મુંબઈ હુમલાના મુખ્ય કાવતરાખોરોમાં તહવ્વુર હુસૈન રાણા એક મહત્ત્વપૂર્ણ નામ છે. તેને મુંબઈ હુમલાના માસ્ટરમાઈન્ડ ડેવિડ કોલમેન હેડલીનો નજીકનો માનવામાં આવે છે. હેડલી અને રાણા શાળાના દિવસોથી જ મિત્રો હતા. હેડલીએ બાદમાં સ્વીકાર્યું કે તે લશ્કર-એ-તૈયબા અને પાકિસ્તાની ગુપ્તચર એજન્સી ISI માટે કામ કરતો હતો. આ આતંકવાદી હુમલાએ આખા દેશને હચમચાવી નાખ્યો. પાકિસ્તાનમાં તાલીમ મેળવેલા, આધુનિક શસ્ત્રોથી સજ્જ ૧૦ આતંકવાદીઓએ મુંબઈમાં ભીડભાડવાળા સ્થળોને નિશાન બનાવ્યા. આ સમયગાળા દરમિયાન ૧૬૦થી વધુ લોકો માર્યા ગયા અને ૨૦૦થી વધુ લોકો ઘાયલ થયા. ઉલ્લેખનીય છેકે તહવ્વુર રાણા હાલમાં NIA કસ્ટડીમાં છે.

### નેશનલ હેરાલ્ડ કેસ મામલે કોર્ટમાં હાજર રહેવા નોટિસ

# રાહુલ અને સોનિયા ગાંધીને કોર્ટમાં હાજર રહેવા નોટિસ

## રાઉઝ એવન્યુ કોર્ટે ED ચાર્જશીટ પર ધ્યાન આપ્યું અને સુનાવણી માટે નોટિસ જાહેર કરી છે

નવી દિલ્હી, તા.૨

નેશનલ હેરાલ્ડ કેસમાં રાહુલ ગાંધી અને સોનિયા ગાંધીની મુશ્કેલીઓ વધી ગઈ છે. રાઉઝ એવન્યુ કોર્ટે નેશનલ હેરાલ્ડ કેસ સંબંધિત PMLA કેસમાં ઈડીની ચાર્જશીટ પર ધ્યાન આપ્યું છે. કોર્ટે ઈડ્ઢની ચાર્જશીટ સંબંધિત કેસની સુનાવણી માટે આરોપી સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને અન્ય લોકોને નોટિસ જાહેર કરી છે. આ કેસમાં આગામી સુનાવણીની તારીખે, સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને અન્ય આરોપીઓએ કોર્ટમાં હાજર રહેવું પડશે.

રાહુલ ગાંધી અને સોનિયા ગાંધીને જે કેસમાં કોર્ટમાં હાજર રહેવાની નોટિસ મળી છે, તે નેશનલ હેરાલ્ડ અખબાર અને તેની મૂળ કંપની AJL એટલે કે એસોસિએટેડ જર્નલ્સ લિમિટેડ સાથે સંબંધિત નાણાકીય ગેરરીતિઓ પર કેન્દ્રિત છે. આમાં રાહુલ ગાંધી અને સોનિયા ગાંધીને આરોપી બનાવવામાં આવ્યા છે. આ અગાઉ, રાઉઝ એવન્યુ કોર્ટે ૨૫ એપ્રિલ, ૨૦૨૫ ના રોજ ED ચાર્જશીટની સુનાવણી કરી હતી, પરંતુ દસ્તાવેજોના અભાવે નોટિસ જાહેર કરી ન હતી. ED એટલે કે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે ૯ એપ્રિલ ૨૦૨૫ ના રોજ નેશનલ હેરાલ્ડ કેસમાં પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA) ની કલમ ૩ અને ૪ હેઠળ ચાર્જશીટ દાખલ કરી હતી. આમાં સોનિયા ગાંધીને આરોપી નંબર ૧ અને રાહુલ ગાંધીને આરોપી નંબર ૨ બનાવવામાં આવ્યા છે. અન્ય આરોપીઓમાં કોંગ્રેસના નેતાઓ સેમ પિત્રોડા અને સુમન દુબેનો સમાવેશ થાય છે. કોર્ટે ઈડ્ઢને વધુ દસ્તાવેજો રજૂ કરવા કહ્યું હતું. આ પછી આ નોટિસ જાહેર કરવામાં આવી હતી. ચાલો જાણીએ કે, આ આખો મામલો શું છે. નેશનલ હેરાલ્ડ એક ઐતિહાસિક અખબાર છે જેની સ્થાપના જવાહરલાલ નેહરુ દ્વારા ૧૯૩૮માં કરવામાં આવી હતી. EDનો આરોપ છે કે, સોનિયા અને રાહુલ ગાંધીએ યંગ ઈન્ડિયન લિમિટેડ (YIL) દ્વારા AJLની ૨૦૦૦ કરોડ રૂપિયાની મિલકતો માત્ર ૫૦ લાખ રૂપિયામાં મેળવી હતી. EDનો આરોપ છે કે, આ વ્યવહાર મની લોન્ડરિંગનો એક ભાગ હતો. આમાં, છત્ન્ ના ૯૯ ટકા શેર યંગ ઈન્ડિયન લિમિટેડને ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. યંગ ઈન્ડિયન લિમિટેડમાં સોનિયા અને રાહુલ ગાંધીનો ૩૮-૩૮% હિસ્સો છે.

### CWCની બેઠકમાં ખડગેનું મોટું નિવેદન

# પહલગામ હુમલાને લઈને મોદી સરકારની નીતિ સ્પષ્ટ નથી

## બેઠકમાં કોંગ્રેસે આતંકવાદ વિરૂદ્ધ લડાઈમાં કેન્દ્રની મોદી સરકારને તમામ શક્ય મદદ કરવાની વાત કરી છે

નવી દિલ્હી, તા.૨

પહલગામ આતંકવાદી હુમલા બાદ કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેની અધ્યક્ષતામાં કોંગ્રેસ કાર્ય સમિતિ (CWC)ની ઈમરજન્સી બેઠક શુક્રવારે સાંજે દિલ્હીમાં યોજાઈ હતી. બેઠકમાં કોંગ્રેસે આતંકવાદ વિરૂદ્ધ લડાઈમાં કેન્દ્રની મોદી સરકારને તમામ શક્ય મદદ કરવાની વાત કરી છે. બેઠકમાં ખડગેએ કહ્યું હતું કે, પહલગામ હુમલા પર મોદી સરકારની નીતિ સ્પષ્ટ નથી. જાતિ આધારિત વસ્તી ગણતરીને લઈને ખડગેએ કહ્યું કે, રાહુલ ગાંધીને શુભેચ્છા આપી છે.

ખડગેએ કહ્યું કે, દેશની એકતા અને અખંડતામાં જે અડચણરૂપ બનશે તેના વિરૂદ્ધ સૌ સાથે મળીને કડકાઈથી લડીશું. આખુ વિપક્ષ આ મુદ્દે સરકારની સાથે ઉભું છે. આ સાથે ખડગેએ આરોપ લગાવ્યો છે કે પહલગામ હુમલા બાદ પણ મોદી સરકાર તરફથી કોઈ સ્પષ્ટ રણનીતિ સામે આવી નથી. રાહુલ ગાંધીએ કાનપુરમાં શુભમ દ્વિવેદીના પરિવારજનો સાથે મુલાકાત કરી છે. સાથે જ સરકાર સાથે માર્યા ગયેલા લોકોને શહીદનો દરજ્જો અને સન્માન આપવાની માગ કરી છે.

જાતિ આધારિત વસ્તી ગણતરીનો સરકારે નિર્ણય લેતા ખડગેએ રાહુલ ગાંધીને શુભેચ્છા પાઠવી છે. ખડગેએ કહ્યું કે, રાહુલ ગાંધીને જાતિ આધારિત વસ્તી ગણતરીને લઈને અવાજ બુલંદ કરી અને અડગ રહ્યા. મજબૂરીમાં કેન્દ્ર સરકારે જાતિ આધારિત વસ્તી ગણતરીનો નિર્ણય લેવો પડ્યો.

### પાકિસ્તાનના રક્ષા મંત્રીના નિવેદન પર ભુટ્ટોએ સ્વીકાર્યું

# અમે જ આતંકવાદીઓને ઉછેર્યા, આ કોઈ સીક્રેટ નથી

## બિલાવલ ભુટ્ટો અને રક્ષા મંત્રી ખ્વાજા આસિફે પોતે આતંકવાદ અંગે દેશના કાળા સત્યનો પર્દાફાશ કર્યો છે

ઈસ્લામાબાદ, તા.૨

દુનિયા સામે પાકિસ્તાન ભલે પોતાને પાક બતાવવાનો પ્રયાસ કરે, પરંતુ પહેલગામ હુમલા પછી તેનું સત્ય ખુલ્લેઆમ બહાર આવી ગયું છે. પાકિસ્તાનના રાજકારણના બે મોટા ચહેરાઓએ આ વાત સ્વીકારી છે. બિલાવલ ભુટ્ટો અને રક્ષા મંત્રી ખ્વાજા આસિફે પોતે આતંકવાદ અંગે દેશના કાળા સત્યનો પર્દાફાશ કર્યો છે. બિલાવલે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, આ કોઈ રહસ્ય નથી કે પાકિસ્તાનનો ભૂતકાળ આતંકવાદી સંગઠનો સાથે સંકળાયેલો રહ્યો છે. તેમનું નિવેદન ત્યારે આવ્યું જ્યારે રક્ષા મંત્રી ખ્વાજા આસિફે સ્વીકાર્યું કે પાકિસ્તાન દાયકાઓથી અમેરિકા અને પશ્ચિમી દેશો માટે ગંદુ કામ કરી રહ્યું છે. બિલાવલ ભુટ્ટોએ ગુરુવારે એક મીડિયા ઈન્ટરવ્યુમાં કહ્યું કે, મને નથી લાગતું કે આ કોઈ રહસ્ય છે કે પાકિસ્તાનનો એક ભૂતકાળ છે. આપણે આના પરિણામો ભોગવવા પડ્યા છે. આપણે ઉગ્રવાદની ઘણી લહેર જોઈ છે અને તેનો સામનો કરવા માટે આંતરિક સુધારા પણ કર્યા છે. તેમણે એમ પણ કહ્યું કે, પાકિસ્તાનની આ પ્રવૃત્તિઓ હવે ઈતિહાસનો ભાગ છે અને આજના પાકિસ્તાનનો તેની સાથે કોઈ લેવા-દેવા નથી.

આ પહેલા પાકિસ્તાનના રક્ષા મંત્રી ખ્વાજા આસિફે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, પાકિસ્તાને લગભગ ત્રણ દાયકા સુધી અમેરિકા અને પશ્ચિમ માટે આતંકવાદ સંબંધિત ગંદા કામ કર્યા છે. તેમણે સ્વીકાર્યું કે, સોવિયત યુદ્ધ અને ૯/૧૧ પછીના યુદ્ધોમાં સામેલ થઈને પાકિસ્તાને ભૂલ કરી હતી અને આજે જે કંઈ પણ કહેવામાં આવી રહ્યું છે તે તેની કિંમત છે. આસિફ અને ભુટ્ટોના આ નિવેદનોથી સ્પષ્ટ થાય છે કે પાકિસ્તાન હવે સત્ય સ્વીકારી રહ્યું છે.

આ નિવેદનો એવા સમયે આવ્યા છે જ્યારે ૨૨ એપ્રિલે જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં આતંકવાદી હુમલો થયો હતો. આમાં ૨૬ લોકોએ જીવ ગુમાવ્યા હતા. આ હુમલો પાકિસ્તાનના પ્રતિબંધિત આતંકવાદી સંગઠન દ્વારા કરવામાં આવ્યો હતો. આ ઘટના બાદ ભારત-પાકિસ્તાન સંબંધોમાં ઘણી ખળભળાટ મચી ગયો છે.

### વૃક્ષ પડતાં 3 બાળકના મોત

# દિલ્હીમાં મોડી રાતે વાવાઝોડું! ભારે વરસાદથી અનેક વિસ્તાર જળમગ્ન

## માર્ગો પર ૨ થી 3 ફૂટ પાણી ભરાઈ ગયા હોવાથી અંડરપાસ પણ બંધ કરવાની ફરજ પડી હતી

નવી દિલ્હી, તા.૨

દિલ્હીમાં મોડી રાતે અચાનક જ હવામાને પલટી મારતાં બધે જ પાણી પાણી થઈ ગયું. લગભગ ૭૦ થી ૮૦ કિ.મી.ની ઝડપે ધૂળભરી આંધી સાથે વાવાઝોડું ત્રાટક્યું હતું. જેના પગલે ૪૦ જેટલી ફ્લાઈટ્સ કેન્સલ કે ડાઈવર્ટ કરી દેવામાં આવી હતી. જ્યારે અન્ય ૧૦૦ જેટલી ફ્લાઈટ મોડી પડી હતી. જ્યારે દક્ષિણ દિલ્હીના જાફરપુર કલાંમાં એક મકાન પર વાવાઝોડાને પગલે વૃક્ષ ધરાશાયી થતાં ૩ બાળકો મૃત્યુ પામી ગયા. હજુ પણ ઘણાં લોકો કાટમાળ નીચે દટાયેલાં છે. જ્યારે દિલ્હીના છાવલામાં એક ઘર છત ધરાશાયી થતાં ચાર લોકો કાટમાળ નીચે દટાઈ ગયા. જેમને હેમખેમ બચાવી લેવાયા હતા. અત્યાર સુધીની માહિતી અનુસાર એરલાઈન્સ દ્વારા એડવાઈઝરી જાહેર કરવામાં આવી હતી જેમાં જણાવાયું હતું કે યાત્રીઓ ફ્લાઈટ્સની લેન્ડિંગ કે ટેકઓફ વિશે એરલાઇન્સ પાસેથી જાણકારી મેળવ્યા બાદ જ ભવિષ્યનું પ્લાનિંગ કરે. એરપોર્ટ પહોંચતા પહેલા તેમની ફ્લાઈટ્સની સ્થિતિ વિશે જાણકારી મેળવી લે. અનેકના રુટ ડાઈવર્ટ કરાયા છે. ઉલ્લેખનીય છે કે આજે દિલ્હીમાં મોડી રાતથી અનેક વિસ્તારોમાં તોફાની વરસાદને કારણે જળભરાવની સ્થિતિ જોવા મળી રહી છે. માર્ગો પર ૨ થી ૩ ફૂટ પાણી ભરાઈ ગયા છે. અંડરપાસ પણ બંધ કરવાની ફરજ પડી છે. ખાનપુર, ડીએનડી, મોતીબાગ સહિતના અનેક વિસ્તારોમાં પાણી જ પાણી થઈ ગયું હતું.

તદ્દન મફત/વિના મુલ્યે આયુર્વેદિક વિભાગ દ્વારા આયોજીત કેમ્પ
૧ દિવસથી ૧૨ વર્ષનાં બધા બાળકોને શિબિરમાં ડ્રોપ્સ આપવામાં આવશે.

પુષ્યનક્ષત્ર ના શુભ અવસરે સુવર્ણપ્રાશન સંસ્કાર
દ્વારા આપના બાળકને આપો સંપૂર્ણ સ્વાસ્થ્યની સૂવર્ણ ભેટ
તા.03-0૫-૨૦૨૫, શનિવાર
સમય : સવારનાં ૯ થી ૧, સાંજના ૫ થી ૮ સુધી

સુવર્ણપ્રાશન દરરોજ પણ આપી શકાય છે | વધુ માહિતી માટે રૂબરૂ મુલાકાત લો.



કેમ્પનું સ્થળ : નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ - સંચાલિત
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ આયુર્વેદ હોસ્પિટલ (ગોળ દવાખાનું)
ચિતલ રોડ, અમરેલી. ફોન નં. (૦૨૭૯૨) ૨૨૩૩૧૬/૨૨૮૯૦૪

આયુર્વેદ ઈમ્યુનાયઝેશન ફાયદાઓ
- યાદશકિત અને ગ્રહણશકિતમાં વધારો
- આયુર્વેદીક રસીકરણ
- ઉંમર પ્રમાણે વજન અને ઉંચાઈનો વધારો
- પાચનશકિતમાં વધારો
- રોગપ્રતિકારક શકિત વધવાથી સીઝનલ રોગો ઓછા થવા
- મગજતેજ અને બાળક ઉત્સાહી બને


## શહેર માટે શુક્રવારનો દિવસ ઐતિહાસિક સાબિત થયો

# અમરેલીમાં રૂપિયા ૧૧૯૩ લાખનાં વિકાસકાર્યોનો પ્રારંભ

**કૈલાસ મુક્તિધામ નજીક આવેલ રોકડિયા સરોવરનું પુનઃ નિર્માણ કરીને મીની રીવર ફ્રન્ટમાં રૂપાંતરિત કરાશે**

**મુક્તિધામ ખાતે ગેસ આધારિત સ્મશાન ભઠ્ઠી તથા છાંયા શેડનું પણ નિર્માણ કાર્ય શરૂ**

**શહેરમાં ડોર ટુ ડોર પીવાનું પાણી પહોંચતું કરવા પાઈપ લાઈન, પંપ હાઉસ, માર્ગો સહિતની કામગીરીનો પ્રારંભ**

**નાયબ દંડક કૌશિક વેકરિયા, સાંસદ સુતરીયા, પી.પી. સોજીત્રા સહિતનાં આગેવાનોનાં હસ્તે વિકાસકાર્યોનો પ્રારંભ**




અમરેલી, તા. ૨

અમરેલી શહેરના સર્વાંગી વિકાસના દિશામાં આજે ઐતિહાસિક દિવસ તરીકે નોંધાયો જેમાં કુલ રૂા. ૧૧૯૩ લાખના વિવિધ વિકાસ પ્રોજેકટના ખાતમુહૂર્ત સાથે અનેક લાભદાયી યોજનાઓનો આરંભ કરવામાં આવ્યો.

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના સ્વપ્ન સમાન અમૃત સરોવર અને જળક્રાંતિ અભિયાન અંતર્ગત, કૈલાશ મુકિતધામ નજીક આવેલ રોકડિયા સરોવરનું પુનઃ નિર્માણ કરીને તેને મીની રીવરફ્રન્ટમાં રૂપાંતરિત કરવાની ભવ્ય યોજનાનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. આ મશાલ સમાન વિકાસ યોજનાથી વિસ્તારના લોકોના જીવનમાં સુખ, સમૃદ્ધિ અને સુંદરતાની નર્મદા વહેવા માટે શ્રેષ્ઠ પહેલ ગણાઈ રહી છે.


આ પ્રસંગે મુકિતધામ ખાતે ગેસ આધારિત સ્મશાન ભઠ્ઠી તથા છાયા શેડના નિર્માણ કામ તેમજ કેરીયા રોડ પાસે ભોજલપરા પ્રાથમિક શાળાની આસપાસના એપ્રોચ રોડના વિકાસ કાર્યોનું પણ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું.

શહેરના વિવિધ વિસ્તારોમાં વધુ સુવિધાઓ આપવા પાણીની પાઈપલાઈન નેટવર્ક, સીસી રોડ, પંપ હાઉસ રિનોવેશન, અંડરગ્રાઉન્ડ સંપ તથા યુરીનલ બ્લોક જેવી અનિવાર્ય સેવાઓના અભૂતપૂર્વ કામો પણ આ પેકેજમાં સામેલ છે.

આ ભવ્ય કાર્યક્રમમાં ગુજરાત વિધાનસભાના મુખ્ય દંડક તથા અમરેલીના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા, લોકસભાના સાંસદ ભરતભાઈ સુતરીયા, પી.પી. સોજીત્રા સહિત શહેર ભાજપના અગ્રણીઓ, નગરપાલિકા સદસ્યો અને અનેક

અનુસંધાન પાના ૬ ઉપર


નારી હોસ્પિટલ
વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
ડૉ. ચિરાગ કુબાવત (M.B.D.G.O.)
Diploma in Gynec Endoscopy (FRANCE)
સ્ત્રીરોગ પ્રસુતી તથા દુરબીનથી થતા ઓપરેશનના નિષ્ણાંત



- નોર્મલ-જોખમી-સિઝેરીયન પ્રસુતિ
- ડીલેવરી દરમ્યાન બાળકના ધબકારાનું મોનીટરીંગ કરવા માટે આધુનિક NST Machine
- પ્રેગનન્સી દરમિયાન બાળકનો વિકાસ તથા ખોડખાંપણ જાણવા માટે અત્યાધુનિક 3D/4D, કલર ડોપ્લર સોનોગ્રાફિ મશીન
- એન્ડોસ્કોપી તથા લેપ્રોસ્કોપી સેટઅપ
- ટાંકાવાળું, ટાંકા વગરનું તથા દુરબીનથી થતા ગર્ભાશય/અંડાશયની ગાંઠના ઓપરેશનો
- વંધ્યત્વની આધુનિક સારવાર

ડૉ. ઉપાસના સી. કુબાવત (M.B.D.C.H.)
નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત

સરનામું
નારી હોસ્પિટલ
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી / ફોન નં.(૦૨૭૯૨) ૨૨૧.૩૨૪



૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
83,800/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૦૨/૦૫/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સએપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઇન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬



ખુબ ખુબ અભિનંદન

અમરેલી શહેર ભાજપના હોદેદારની નવ નિયુક્ત ટીમના
શ્રી રાકેશભાઈ સાવલિયા, શ્રી વિજયભાઈ ચોટલીયા
અને શ્રી યોગેશભાઈ ગણાત્રાને
શ્રી દિનેશભાઈ ડી. ભુવા (એમ.ડી શીતલ આઈસ્ક્રીમ)
તરફથી ખુબ ખુબ અભિનંદન અને આપ રાજકીય ક્ષેત્રે
ઉતરોતર પ્રગતિના શિખરો સર કરો તેવી હાર્દિક શુભકામના...




શ્રી રાકેશભાઈ સાવલિયા
શ્રી વિજયભાઈ ચોટલીયા
શ્રી યોગેશભાઈ ગણાત્રા

શુભેચ્છક
શ્રી દિનેશભાઈ ડી. ભુવા
(એમ.ડી શીતલ આઈસ્ક્રીમ)



Krishna DINING HALL



ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨



ચતુર્થ પૂણ્યતિથિએ શ્રધ્ધાંજલિ



સ્વ. દિનેશચંદ્ર શામળદાસ ગાંધી
(નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ-અમરેલી)
જન્મ તા.૨૦/૦૮/૧૯૪૦ – દેહવસાન તા.૦૩/૦૫/૨૦૨૧




ટ્રસ્ટના મોભી સ્વર્ગસ્થ દિનેશભાઇ ગાંધી (મોટાભાઇ)ની ઇચ્છા અનુસાર રાધિકા હોસ્પિટલને માત્ર આંખની હોસ્પિટલમાંથી મલ્ટીસ્પેશીયાલીટી હોસ્પિટલ, નર્સિંગ કોલેજ, આયુર્વેદ હોસ્પિટલ અને આયુર્વેદ કોલેજ સુધી વિસ્તારવામાં સ્વ. દિનેશભાઇના કુશળ નેતૃત્વ, મનોબળ અને ધ્યેય પ્રત્યે સંપૂર્ણ સમર્પણ અને સેવા પરાયણતાનો ઉત્કૃષ્ટ નમુનો સાર્થક થયેલ છે. તેમના સંનિષ્ઠ પ્રયત્નોના કારણે જ અમરેલી વિસ્તારના મધ્યમવર્ગના પરિવારોને રાહતદરે સારવાર તો મળે જ છે, પરંતુ વિવિધ સરકારી યોજનાનો લાભ પણ મળે છે

''આપના મધુર સ્મરણો અંકીત છે, અમારા સ્મરણોમાં....
આપના કર્મોની સુવાસ જીવંત છે, અમારા શ્વાસમાં...
આપ નથી એ સચ્ચાઇ છે પણ અસ્થિત્વમાં આપ છો અને હંમેશા રહેશો એજ વિશ્વાસ છે.
તેવા દિવંગત પરોપકારી આત્માને ઇશ્વર શાશ્વત શાંતિ અર્પે એજ ચતુર્થ પુણ્યતિથિએ સજળ નયને... શ્રદ્ધાંજલિ...

લી.
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ પરિવાર – અમરેલી


*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)